*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૪૭



* પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેન *
જેમની ૫૯ મી જન્મજયન્તી સોનગઢમાં શ્રાવણ વદ
બીજના દિને આનંદોલ્લાસ સહિત ઊજવવામાં આવી.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૮, ભાદરવો ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૯: અંક ૧૧

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)




## * અવસર આવ્યો છે આત્માને સાધવાનો *

સાધર્મી બંધુઓ, આવતા અંકે આપણા આ પ્રિય માસિકનું ૨૯મું વર્ષ પૂરું થશે. પૂ. શ્રી કહાનગુરુની મંગલછાયામાં આત્મધર્મ દ્વારા આપણને સૌને આત્મહિતનું જે માર્ગદર્શન અને પ્રેરણા મળે છે તે અલૌકિક છે. વીતરાગમાર્ગની શરૂઆત આપણા આત્મામાંથી જ થાય છે,–એવો આત્મસન્મુખી વીતરાગમાર્ગ આપીને ગુરુદેવે અપૂર્વ ઉપકાર કર્યો છે. અહા, વિદેહમાં સદાય વહેતો ધર્મપ્રવાહ ગુરુપ્રતાપે આજે આપણને અહીં ભરતક્ષેત્રમાં પણ મળી રહ્યો છે. તો પછી ઓલો ચોથાકાળ અને પંચમકાળ તેમાં શો ફેર છે? ને અહીં પણ ધર્મપ્રાપ્તિ થતી હોય તો ભરતમાં ને વિદેહમાં શો ફેર છે. ?

બંધુઓ, આ અવસર આત્માને સાધવાનો છે. આત્માને સાધવાની સર્વ સામગ્રી અહીં ગુરુદેવના પ્રતાપે મળી છે, તો હવે આવા ઉત્તમ કાર્યમાં વાર શા માટે લગાડવી? અત્યંત જાગૃત થઈને આત્માની આરાધનામાં તત્પર થાઓ.....દીવાળી આવતાં પહેલાં આત્મામાં ચૈતન્યના અનંત સમ્યક્ દીવડા પ્રગટાવો ને આત્મામાં મોક્ષની મંગલદીપાવલી આનંદથી ઊજવો.

ગુરુદેવ કહે છે : ભાઈ! આત્મામાં કદી દુષ્કાળ નથી..... શાંતરસના અખૂટ ભંડાર તેમાં ભર્યા છે. સમ્યક્ રુચિવડે તેનું સીંચન કરતાં તારી પર્યાયમાં અનાદિનો દુકાળ ટળીને સમ્યક્ત્વાદિ આનંદના મીઠા પાક પાકશે, ધર્મના લીલાછમ અંકૂરથી આત્મા શોભી ઊઠશે....ને અંદરથી રણકાર ઊઠશે કે

'હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું'

# વિનમ્ર શ્રદ્ધાંજલિ

[ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની 'વન' વર્ષોની પૂર્ણાહુતિ તથા ૫૯ મા વર્ષની જન્મજયંતીના મંગલ પ્રસંગે સમર્પિત ભાવભીની શ્રદ્ધાંજલિ ]

અધ્યાત્મયુગપ્રવર્તક સ્વાત્માનુભૂતિપથપ્રદર્શક પરમકુપાળુ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ચૈતન્યસ્પર્શી અમૃતવાણીના સુયોગથી જેમણે પોતાની અંતઃચેતના જાગૃત કરી છે, ગુરુદેવે આપેલો જ્ઞાન–વૈરાગ્યમય દિવ્ય બોધ જેમણે પોતાના જીવનમાં વણી લીધો છે, જેમની નિર્મળ, નિર્વિકલ્પ સ્વાનુભૂતિમય દશાની ગુરુદેવ વારંવાર પ્રશંસા કરે છે અને 'ભગવતી','જગદમ્બા' વગેરે ખાસ વિશેષણો આપીને ગુરુદેવે જેમના પ્રત્યે આપણને શ્રદ્ધા, ભક્તિ અને બહુમાન જગાડયાં છે, તે મંગલમૂર્તિ પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબહેનનો આપણા મુમુક્ષુ સમાજ ઉપર ઘણો ઉપકાર છે; તે ઉપકારવશ આજે શ્રાવણ વદ બીજના મંગલદિને આપણે તેમના 'વન' વર્ષોની પૂર્ણાહુતિ તથા ૫૯ મા વર્ષનો જન્મજયંતી–સમારોહ ઊજવીએ છીએ.

પૂજ્ય ચંપાબહેનનું વ્યકિતત્વ અંતર્ તથા બાહ્ય અતિ ગંભીર અને મહાન છે. બાળવયથી જ વૈરાગ્યપ્રેમ, ચિંતનશીલ સ્વભાવ અને દ્રઢ નિર્ણયશક્તિ વગેરે અનેક ગુણો તેમનામાં સહજ છે. નિશાળમાં ભજવાતા દમયંતી વગેરે સતીઓના વૈરાગ્યપ્રેરક સંવાદો તેમને ખૂબ ગમતા; સાહિત્ય અને ગીતો પણ વૈરાગ્યનાં જ ગમતાં–ગાતાં.

વૈરાગ્યભીનું અને સત્યશોધક તેમનું હૃદય આત્માની પ્રાપ્તિ માટે તલસતું હતું. પૂજ્ય ગુરુદેવનો સત્સમાગમ થયો, તેમની આત્મસ્પર્શી અમોઘ વાણીનો સુયોગ પ્રાપ્ત થયો. ગુરુદેવની વજ્રવાણીએ તેમનું સત્ત્વ ઝળકાવી દીધું, સમકિત પામવાની તમન્ના તીવ્ર બની, સર્વ શક્તિ આત્મામાં કેન્દ્રિત કરી; દિન–રાત દ્રષ્ટિની નિર્મળતા તથા આત્માનુભૂતિની સાક્ષાત્ પ્રાપ્તિ માટે અથક, અવિરત પુરુષાર્થ કર્યો, અને ફલતઃ માત્ર ૧૯ વર્ષની લઘુ વયમાં જ પોતાનો અપ્રતિમ પુરુષાર્થ સાકાર કર્યો, ભવસંતતિછેદક સમ્યગ્દર્શન પ્રાપ્ત

કર્યું, ભગવાન આત્માનો સાક્ષાત્કાર થયો અને પરિણતિમાં અતીન્દ્રિય જ્ઞાનાનંદમય નિર્મળ નિર્વિકલ્પ સ્વાત્માનુભુતિનું અમૃતઝરણું વહેતું થયું. ધન્ય છે તે મહાન આત્મા! અને ધન્ય છે તેમનો અપ્રતિહત પુરુષાર્થ!!

દિનપ્રતિદિન તે અમૃતઝરણાની–આત્મસાધનાની પરિણતિ વૃદ્ધિગત થવા માંડી, અને સાથે સાથે સ્મરણજ્ઞાનની પરિણતિમાં સાતિશય નિર્મળતા પણ પ્રગટી. પૂજ્ય ગુરુદેવને પોતાને વર્ષોથી જે ‘ભાસ’ થતો હતો તેનો સ્પષ્ટ ઉકેલ પૂજ્ય બહેનશ્રીના સ્મરણજ્ઞાને આપ્યો. ભૂત, વર્તમાન અને ભાવીનું આશ્ચર્યકારી અનુસંધાન તેણે આપ્યું. તે અનુસંધાનજ્ઞાન દ્વારા મુમુક્ષુ સમાજ ઉપર ખરેખર મહાન ઉપકાર થયો છે, ગુરુદેવની પરિણતિને બળ મળ્યું છે, ગુરુદેવના પ્રભાવનાયોગને વેગ મળ્યો છે અને એ રીતે જિનશાસનની મહાન પ્રભાવના થઈ છે.

પ્રશમમૂર્તિ, ગુણગંભીર, ઉદારચિત્ત પૂજ્ય બહેનશ્રી અંતર્માં મહાન અને બાહ્યમાં અતિ નિર્લેપ છે. તેમના જીવન કે તેમની નિર્વિકલ્પ આનંદમય અંતરંગ દશા વિશે વર્ણન કરવું શક્તિ બહાર છે. તેમના ગહન વ્યક્તિત્વ ઉપર માત્ર ગુરુદેવ જ યથાર્થ પ્રકાશ પાથરી શકે. ગુરુદેવે તેમને ‘ભગવતી’ અને ‘જગદમ્બા’નાં વાસ્તવસ્પર્શી વિશેષણો આપ્યાં છે, તે તેમની સહજ અંતર્દશાના તથા તેમની મહાનતાના યથાર્થ દ્યોતક છે. હંમેશાં તોળી તોળીને વચનો ઉચ્ચારનારા, તીક્ષ્ણદ્રષ્ટિવંત, સ્વરૂપાનુભવી પરમ પૂજ્ય ગુરુદેવશ્રી અન્ય કોઈ પણ વ્યક્તિને જે બે વિશેષણોથી કદી વિશેષિત કરતા નથી એવાં ઉપરોક્ત બે મહિમાપૂર્ણ વિશેષણોથી પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને અનેક વાર પ્રસન્નતાપૂર્વક બિરદાવે છે, તે જ હકીકત પૂજ્ય બહેનશ્રીની અદ્ભુત મહત્તા આપણા હૃદયમાં દ્રઢપણે પ્રસ્થાપિત કરવાને પૂરતી છે. આ વિશેષણો દ્વારા પૂજ્ય ગુરુદેવે સંક્ષેપથી તેમના પ્રત્યે પોતાનો અહોભાવ વ્યક્ત કરતું પોતાનું હાર્દ પ્રગટ કર્યું છે. ગુરુદેવના હાર્દને તથા વિશેષણના વાચ્યાર્થના ઊંડાણને આપણે ગંભીરપણે સમજીએ, ગુરુદેવે આપેલા અધ્યાત્મબોધને જીવનમાં ઉતારનાર આ ‘ભગવતી માતા’ ની આત્મસાધનાના આદર્શને દ્રષ્ટિસન્મુખ રાખીએ અને તેમના જીવનમાંથી મળતી પ્રેરણા દ્વારા આપણે આપણો આત્માર્થ સાધીએ–એવી અંતઃકરણની ભાવના છે.

‘ભગવતી માતા’ પૂજ્ય બહેનશ્રી ભારતવર્ષમાં અજોડ મહિલારત્ન છે.

મુમુક્ષુસમાજનાં શિરોમણિ છે, મહિલાસમાજનાં છત્ર છે, બ્રહ્મચારી બહેનોનાં પ્રાણ છે અને આત્માર્થીઓનાં મહાન આદર્શ છે. માતા જેમ બાળકની સંભાળ રાખે છે તેમ, હે ધર્મમાતા! આપના શરણે આવેલાં અમ બાળકોની સંભાળ રાખી, ભાવી દેવાધિદેવની સભામાં આપની સાથે જ રાખજો અને શાશ્વત જ્ઞાનાનંદની પૂર્ણ પ્રાપ્તિ સુધી આપનો કલ્યાણકારી સાથ આપજો.–એવી અંતરની ઊર્મિથી આજ જન્મજયંતીના મંગલ દિને આપને સાદર ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી વિરમું છું.

–બ્ર. ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા, સોનગઢ

( અનુસંધાન પૃષ્ઠ ૪નું ચાલુ )

છે; ધર્મરત્ન છે; હિંદુસ્તાનમાં બેન જેવું અજોડ સ્ત્રીઓમાં કોઈ છે નહિ; અજોડ રત્ન છે; બાઈઓનાં ભાગ્ય છે કે બેન જેવા આ કાળે પાક્યાં છે;" ઇત્યાદિ વચનો દ્વારા ભાવાર્દ્ર ચિત્તે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. પ્રવચન પછી શ્રદ્ધાંજલિ–સમર્પણ–સમારોહમાં પ્રમુખ શ્રી નવનીતલાલભાઈ ઝવેરી, શ્રી ખીમચંદભાઈ શેઠ, શ્રી બાબુભાઈ મહેતા તથા ચિમનલાલભાઈ મોદીએ ભાવભીની શ્રદ્ધાંજલિ સમર્પી હતી. ત્યાર પછી જન્મજયંતીની ખુશાલીમાં '૫૯' આંકના એકમથી રૂા. ૨૨૦૦૦ ઉપરાંતની રકમો શ્રી પરમાગમમંદિર ખાતે જાહેર થઈ હતી.

આ ઉત્સવમાં પૂનમના દિને શ્રી હેમકુંવરબેન કામાણી તરફથી તથા પૂજ્ય બહેનશ્રીના મંગલ જન્મદિને શ્રી વ્રજલાલ ભાઈલાલ શાહ, સૂરતવાળા તરફથી –એમ બે જમણ ઘણી હોંશપૂર્વક થયાં હતાં. બીજના દિને ગુરુદેવના પ્રવચન પછી શ્રીફળની પ્રભાવના થઈ હતી. ત્રણે દિવસ સોનગઢના મુમુક્ષુમંડળમાં ઘરદીઠ સ્ટીલનાં વાસણોની લહાણી થઈ હતી.

જન્મજયંતીના માંગલિક દિને પૂજ્ય બહેનશ્રી–બહેનના ઘરે કલ્યાણકારી પૂજ્ય ગુરુદેવના આહારદાનનો મંગલ પ્રસંગ તથા તે પ્રસંગે પૂજ્ય બહેનશ્રી–બહેનની ગુરુભક્તિ ઉપસ્થિત જનોને પ્રમુદિત કરતી હતી. ત્યાર પછી આશ્રમના સ્વાધ્યાય–ભવનમાં સમગ્ર મુમુક્ષુ ભાઈ–બહેનો પૂજ્ય બહેનશ્રીનાં દર્શન કરવા આવ્યાં હતાં.

રાત્રે મહિલામુમુક્ષુસમાજમાં પૂજ્ય બહેનશ્રીનું અધ્યાત્મરસઝરતું વાંચન થયું હતું. છેવટે બ્રહ્મચારી બહેનો વગેરે દ્વારા ગવાયેલાં પ્રસંગોચિત માંગલિક ભક્તિગીતો ઇત્યાદિપૂર્વક મહોત્સવ પૂર્ણતાને પામ્યો હતો.

આ રીતે આત્માર્થીજનોને આહ્લાદકારક એવો આ આનંદમંગલમય ઉત્સવ સુવર્ણપુરીમાં જયજયકારપૂર્વક ઉજવાઈ ગયો.

# 卐 આનંદમંગલ આજ હમારે 卐

પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબહેનની 'વન'વર્ષોની પૂર્ણાહુતિ થતા ૫૯મા વર્ષની જન્મજયંતીનો મંગલ ઉત્સવ સુવર્ણપુરીમાં અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

માનનીય અધ્યક્ષમહોદય શ્રી નવનીતલાલભાઈ ઝવેરી તથા માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીએ પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતી ઊજવવાનો કરેલો નિર્ણય તેમની સૂચનાથી પૂજ્ય ગુરુદેવ સમક્ષ રજુ કરવામાં આવ્યો. અભષ્ટિ ઉત્સવની ઊજવણીની વાત આવતાં કૃપાળુ ગુરુદેવે અતિ પ્રસન્નતાપૂર્વક પોતાની સંમતિ આપી અને કહ્યું કે–'ચંપાબેન ધર્મરત્ન છે, તેમને બહાર પડવું જરાય નથી ગમતું, પણ તેમના પ્રત્યે ધર્મપ્રેમવાળાઓને તો ઢંઢેરો પીટીને તેમને પ્રસિદ્ધિમાં લાવવાના ભાવ આવે જ ને!'

પૂજ્ય ગુરુદેવની પ્રસન્નતા વિદ્યુતવેગે મુમુક્ષુસમાજમાં પ્રસરી ગઈ. સૌ આનંદિત થયાં. સમય ટૂંકો હતો તેથી ત્વરાથી સંક્ષિપ્ત છતાં સુંદર નિમંત્રણ–પત્રિકા છપાવીને પ્રેષિત કરવામાં આવી. સુવર્ણપુરીનું વાતાવરણ મંગલ મહોત્સવની પ્રતીક્ષાથી ગુંજતું થઈ ગયું.

સુવર્ણપુરીના મુમુક્ષુસમાજે જન્મજયંતીનો આ ઉત્સવ ત્રણ દિવસ ઊજવવાનું નક્કી કર્યું. આ શુભોત્સવની મંગલ કામના નિમિત્તે ત્રણ દિવસ માટે પંચપરમેષ્ઠીમંડલવિધાન–પૂજા રાખવામાં આવી હતી.

શ્રાવણી પૂર્ણિમા આ મંગલ ઉત્સવના પ્રારંભનો પાવન દિવસ. વહેલા પ્રભાતથી ત્રણે દિવસ આશ્રમના ગગનમાંથી ચોઘડિયાંવાદન સંભાળતું હતું. આ શુભ પ્રસંગને દીપાવવા શ્રી જિનમંદિર, સ્વાધ્યાયમંદિર તથા બ્રહ્મચાર્યાશ્રમ વિદ્યુતશોભાથી શણગારવામાં આવ્યાં હતાં. આનંદપ્રેરક વિદ્યુત–સાથિયા તથા વિવિધરંગી વિદ્યુત–શલાકાથી સુશોભિત જિનમંદિરની અદ્‌ભૂત રોનક જોઈ મુમુક્ષુઓનાં હૃદય પુલકિત થતાં હતાં. આશ્રમની દિવાલ ઉપર ગોઠવેલો '૫૯' નો આકર્ષક વિદ્યુત–આંક સૌને ધ્યાન ખેંચી પ્રસન્ન કરતો હતો.

મહોત્સવનો મુખ્ય દિવસ શ્રાવણ વદ બીજ : આજે વહેલા પ્રભાતથી આનંદભેરી સાથ જન્મવધાઈનાં મંગલ ગીતોથી આશ્રમનું વાયુમંડળ ગાજી ઊઠયું હતું. પૂજ્ય ગુરુદેવના આજના મંગલ પ્રવચન પહેલાં બ્રહ્મચારી બહેનોએ "મંગલકારી 'તેજ' દુલારી" ગીત ગાઈને તેમના જીવનધાર પૂજ્ય બહેનશ્રી પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ વ્યક્ત કર્યાં હતાં. પ્રવચનના અંતમાં પૂજ્ય ગુરુદેવે સ્વયં "અહો! ચંપાબેનનો તો આત્મા મંગલમય આત્મા

[ અનુસંધાન પૃષ્ઠ ૩ ઉપર ]

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

આત્મધર્મ

વીર સં. ૨૪૯૪
ભાદરવો
SEPT. 1972

વર્ષ: ૨૯: અંક ૧૧

# 卐 આત્મસંશોધનનું મહાન પર્વ.....પર્યુષણ 卐

'પર્યુષણ....' અહા! કેવા મધુરભાવ એમાં ભર્યા છે! ભાદરવા સુદ પંચમી.....પર્યુષણપર્વનો પહેલો દિવસ એટલે ઉત્તમક્ષમા-ધર્મની આરાધનાનો મંગલ દિવસ.

પંચમકાળના અંતે ધર્મનો અને અનાજ વગેરેનો પણ લોપ થયો, ને લોકો અત્યંત દુઃખી-વિરાધક-અનાર્યવૃત્તિવાળા-માંસાહારી થઈ ગયા; ૪૨૦૦૦ વર્ષ બાદ અષાઢ વદ એકમથી માંડીને ૪૯ દિવસ વૃષ્ટિ થઈ ને પૃથ્વીમાં અનાજ પાકવા માંડયું....ત્યારે ભાદરવા સુદ પાંચમે તે અનાજ દેખીને લોકોમાં આર્યવૃત્તિ જાગી ઊઠી ને સૌએ નિર્ણય કર્યો કે હવેથી કોઈએ માંસાહાર ન કરવો ને આ અનાજ ઉપર નિર્વાહ કરવો....આ રીતે હિંસકવૃત્તિ છોડીને અહિંસકવૃત્તિનો અવતાર થયો.....તે પર્યુષણનો પહેલો દિવસ. (ભાદરવા સુદ પાંચમથી ચૌદસ સુધીના દશ દિવસ તે ઉત્તમક્ષમાદિ ધર્મની વિશેષ આરાધનાના દિવસો એટલે કે પર્યુષણપર્વ ગણાય છે. એ જ રીતે મહા અને ચૈત્ર માસમાં પણ દશ દિવસો દશલક્ષણી પર્યુષણપર્વ ગણાય છે.)

જીવને અનાદિથી મિથ્યાવૃત્તિ છૂટીને, જિનવાણીરૂપી વર્ષા ઝીલીને આત્મામાં જ્યાં સમ્યક્ત્વાદિ ધર્મના અપૂર્વ અંકુરા ફૂટયા ત્યાં અનંતાનુબંધી ક્રોધાદિભાવો છૂટીને, વીતરાગી ક્ષમાધર્મની આરાધના શરૂ થઈ.....આત્માએ જે દિવસે આવી આરાધના શરૂ કરી તે દિવસ તેના માટે પર્યુષણનો જ દિવસ છે. ધર્મના આરાધક

જીવને સદાય પર્યુષણ જ છે. દશ દિવસમાં તો ધર્મની વિશેષ આરાધનાની ભાવના કરે છે.

આવી ભાવના સાથે દશલક્ષણી પર્યુષણ પર્વ હમણાં આપણે સૌએ આનંદથી ઊજવ્યા. ગુરુદેવે પરમ મહિમાપૂર્વક આત્મઅનુભૂતિનું સ્વરૂપ બતાવીને ધર્મની ઉત્તમ આરાધનાની ધોધમાર વૃષ્ટિ કરી.... ધર્માત્માના હૃદયમાં ધર્મના અંકુર પણ ઊગ્યા....અહા, ધન્ય આવા પર્યુષણ! પર્યુષણના પહેલા પ્રવચનમાં ગુરુદેવે કહ્યું–અહો! આ તો ધર્મની આરાધનાના દિવસો છે....આત્માનો અનુભવ કરીને સમ્યક્ત્વ થવાનો આ દિવસ છે....તે સમ્યક્ત્વ થયું હોય તેને આત્માની વિશેષ ભાવના કરીને શુદ્ધતા વધારવાનો દિવસ છે.

અહો જીવો! ચૈતન્ય–પરમવીતરાગી તત્ત્વ, તેની અંતર્મુખ ભાવના વડે પરમ ક્ષમાવૃત્તિ ધારણ કરો. ક્રોધાદિભાવો વગરની મહાપવિત્ર ચેતના....તેને એવી ઉજ્વળપણે પ્રગટ કરો કે જગતમાં ક્યાંય કોઈ પ્રત્યે ખૂણેખાંચરે પણ વેરવૃત્તિ ન રહે, ઊંડે ઊંડે પણ ક્રોધાદિના સંસ્કાર ન રહી જાય, ને શાંત–ક્ષમારસનું મીઠું ઝરણું આત્મામાં વહેતું રહે. ધન્ય તે મુનિભગવંતો! જેમને પ્રાણ હરનાર પ્રત્યે પણ ક્રોધવૃત્તિ જાગતી નથી....ઉત્તમક્ષમાની પરમશીતળ ગુફામાંથી જેઓ કદી બહાર નીકળતા નથી. હું પણ એવા મુનિવરોનો સેવક છું....મને આ જગતમાં કોઈ પ્રત્યે વેરભાવ નથી....કોઈ મારો શત્રુ નથી, સર્વે જીવો પ્રત્યે મને સમતા છે. મારી ચૈતન્યભાવનામાં ક્રોધ જ નથી ત્યાં કોઈ પ્રત્યે વેર કેવું? ધર્મના અંકુરા ફૂટયા....પર્યુષણનો અવસર આવ્યો....આરાધનાની ધન્ય પળ આવી....એવા આ સમયે ક્ષમાનું અમૃત છોડીને ક્રોધનું ઝેર તો કોણ પીએ?

અહા, આવી વીતરાગી ક્ષમાનાં અમૃત પીવાનો અવસર શ્રી દેવ–ગુરુપ્રતાપે આવ્યો છે...ચાલો સાધર્મીઓ! સૌ આનંદથી હળીમળીને આ વીતરાગી અમૃતરસ પીએ....અને એકબીજાને પીવડાવીએ.

–બ્ર. હ. જૈન

# 卐 ધર્માત્માનું આત્મચિંતન 卐

**અવસર આવ્યો છે આત્માની આરાધનાનો! ચૈતન્યવીરની વીરતા ઊછળી જાય એવી પરમતત્ત્વની આ વાત છે...... અમે ચૈતન્ય-હંસલા આનંદસરોવરમાં કેલી કરનારા ને વીતરાગી અમૃતને ચરનારા....... અમારા શ્રદ્ધામાં-જ્ઞાનમાં પરમાત્મતત્ત્વ જયવંત વર્તે છે.**

[ નિયમસાર ગા. ૯૬ ઉપરનાં ચૈતન્યઉલ્લાસથી ભરપૂર પ્રવચનમાંથી ભા. સુદ ૫ ]

**જ્ઞાની ધર્માત્મા પોતાના આત્માને કેવો ધ્યાવે છે? તેનું આ વર્ણન છે-**

**કેવલ દરશ કેવલવીરજ કૈવલ્યજ્ઞાનસ્વભાવી છું,**
**વળી સૌખ્યમય છે જેહ તે હું-એમ જ્ઞાની ચિંતવે. (૯૬)**

**કેવળજ્ઞાનસ્વભાવી કેવળદર્શનસ્વભાવી કેવળસુખમય અને કેવળ શક્તિસ્વભાવી હું છું-આમ ધર્મી પોતાના આત્માને અનંતચતુષ્ટયસંપન્ન ચિંતવે છે.**

હવે અનંતચતુષ્ટયરૂપ જે પ્રગટ પર્યાય છે તે શુદ્ધસદ્‌ભુત વ્યવહાર છે, એટલે તેની ભાવના તે વ્યવહારથી છે; અને તે કેવળજ્ઞાનાદિ પર્યાયોના આધારરૂપ જે સહજ–અનંતચતુષ્ટસ્વરૂપ આત્મસ્વભાવ અનાદિઅનંત છે, તે નિશ્ચય છે એટલે નિશ્ચયથી તેની ભાવના કરવી. ભાવના એટલે તન્મય પરિણતિ; આ ભાવના તે વિકલ્પરૂપ નથી, પણ પર્યાય અંતર્મુખ થઈને ‘સહજજ્ઞાનાદિ સ્વરૂપ હું છું’ એવી જે અનુભૂતિ તેનું નામ ભાવના છે; તે મોક્ષમાર્ગ છે.

સહજજ્ઞાનસ્વરૂપ ત્રિકાળ હું છું, સહજ દર્શનસ્વરૂપ ત્રિકાળ હું છું, સહજ ચારિત્રસ્વરૂપ ત્રિકાળ હું છું, તે ચારિત્રમાં શ્રદ્ધા અને આનંદ પણ અવિનાભાવી જ છે, અને સહજ ચૈતન્યશક્તિસ્વરૂપ ત્રિકાળ હું છું–આમ ધર્મીજીવ અંતરમાં એકાગ્ર થઈને પોતાને ચિંતવે છે. અને તમે પણ જ્ઞાની થવા માટે આત્મસ્વરૂપે પોતાને ચિંતવો–એમ ભવ્યજીવને શિખામણ છે.

અરે ભાઈ, રાગવાળો વિકારવાળો શરીરવાળો પોતાને અનાદિકાળથી માનીને તેની મિથ્યા ભાવના ભાવી ને તેથી તું ભવચક્રમાં રખડયો; પણ હવે ગુલાંટ મારીને,

સહજ ચિદાનંદસ્વભાવની સન્મુખ થઈને અનંત સહજચતુષ્ટયસ્વરૂપે તારા આત્માને ભાવ. આવા સ્વભાવની ભાવનાવડે પર્યાયમાં કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયરૂપ કાર્ય પ્રગટી જશે.

આવા સ્વભાવની ભાવનાવડે પર્યાયમાં પરભાવોનું પ્રત્યાખ્યાન થઈ જાય છે. જુઓ, આ પર્યુષણપર્વમાં સાચા પ્રત્યાખ્યાનનું સ્વરૂપ કહેવાય છે. સ્વભાવની સન્મુખ થઈને જેણે એકવાર સર્વપરભાવનું પ્રત્યાખ્યાન કર્યું તેને હવે રાગ અને અલ્પજ્ઞતા રહેશે નહિ, તેને તો સહજ સ્વભાવની ભાવનાવડે કેવળજ્ઞાનાદિ પ્રગટશે. સાદિ–અનંતકાળ માટે તેને પરભાવનું પ્રત્યાખ્યાન થઈ ગયું. નિશ્ચયથી મારો સહજ જ્ઞાનસ્વભાવ સમસ્ત પરભાવના પચ્ચખાણસ્વરૂપ જ છે, તેની સન્મુખ થયો ત્યાં પર્યાયમાંથી પણ પરભાવોનું પ્રત્યાખ્યાન થઈ ગયું.

અહો, આવા સ્વભાવનો અચિંત્યમહિમા લાવીને તેની ભાવના કરવા જેવું છે.–એ જ પર્યુષણની સાચી ઉપાસના છે. તારી પર્યાયના વહેણને તારા અનંત ચતુષ્ટયથી ભરપૂર ચૈતન્યસ્વભાવસમુદ્રમાં વાળ. ધર્મી કહે છે કે અહા, આવા સ્વભાવના ભરોસે અમારા વહાણ આ ભવસમુદ્રને તરી જશે. અમારા સહજ સ્વભાવને અમે શ્રદ્ધામાં–જ્ઞાનમાં–અનુભવમાં લીધો છે, તેના જ અવલંબને અમે અનંત ચતુષ્ટયરૂપ થઈ જશું ને સંસારને તરી જશું; અધૂરીપર્યાય કે વિકાર હવે નહિ રહે.

જુઓ તો ખરા, આ ધર્માત્માની ભાવના! આવો સ્વભાવ અંદરમાં છે જ. છે તેની આ ભાવના છે. સત્નો સ્વીકાર કરીને તેમાં એકાગ્રતારૂપ આ ભાવના છે. સ્વભાવના આશ્રયે પર્યાય પ્રગટી, તેનો ભેદ ધર્મી નથી પાડતો. આવા સહજ સત્ સ્વભાવનો સ્વીકાર તે જ સમ્યગ્દર્શન છે. તેના જ્ઞાનમાં સંદેહ નથી. ડામાડોળપણું નથી. નિઃશંકપણે અનંત ચતુષ્ટયસ્વભાવપણે તે પોતાને અંતરમાં અવલોકે છે. અહા, આવા પરમતત્ત્વરૂપે પોતે પોતાને દેખ્યો ત્યાં હવે બહારનું બીજું શું જાણવા–દેખવાનું રહ્યું?–વાહ! આજે તો આવા આત્માની પ્રતીતરૂપ સમકિતનો દિવસ છે. આવા આત્માની પ્રતીત કરીને સમ્યક્ત્વ કરવા જેવું છે. અને સમ્યક્ત્વ થઈ ગયું હોય તોપણ આવા જ આત્માની ભાવના કરવા જેવું છે; એ જ પર્યુષણ છે. અનંત આનંદથી ઊછળતું મારું તત્વ, તેની સામે નજર કરતાં જ આનંદ થાય એવું આ તત્ત્વ છે. મહાન અચિંત્ય આનંદના નિધાન જેની ગંભીરતામાં ભર્યા છે, તેની સન્મુખતામાં કલેશ કેવો? ને બોજો કેવો? ચૈતન્યની શ્રદ્ધામાં ને એકાગ્રતામાં કોઈ કલેશ કે બોજો નથી. ઊલ્ટું અનંત–

કાળનો વિભાવનો બોજો ઊતરીને આત્મા હળવો થઈ જાય, એવું આ તત્ત્વ છે. તીર્થંકર પરમાત્માના દિવ્યધ્વનિમાં આવેલું આ તત્ત્વ છે.

અહીં પૂર્ણ પર્યાયનો વિરહ, બહારમાં સીમંધરાદિ પરમાત્માનો વિરહ! –પણ ધર્મી કહે છે કે મારા અંતરના સહજ પરમાત્મતત્ત્વને મેં પ્રતીતમાં લીધું–અનુભવમાં લીધું...હવે પરમાત્માનો વિરહ નહીં રહે, અંદરમાં પૂર્ણદશાનો વિરહ નહિ રહે, બહારમાં પણ પરમાત્માનો વિરહ નહીં રહે. –અહા, આવું પરમતત્ત્વ! તે સાંભળતાં રાગની રુચિવાળા કાયરના તો કાળજાં કંપી ઊઠે, પણ ચૈતન્યરુચિવંત વીરોનું તો વીરપણું ઊછળી જાય ને એની પરિણતિ અંતરના સ્વભાવમાં ઝુકી જાય. અહા, મારા પરમાત્મ તત્ત્વના અનંત–અનંત મહિમાની વાત શી કરવી? અંતરના ભાવશ્રુતથી જેના પત્તા મળે એવો અદ્ભૂત સ્વભાવ છે. સાધકના ભાવશ્રુતમાં અંતરનું પરમાત્મતત્ત્વ છૂપું રહી શકે નહિ. અંતરમાં ઢળેલા આવા ભાવશ્રુતમાં સર્વે પરભાવનું પચ્ચખાણ છે. હે ભાઈ! આવા પૂરા સ્વભાવની ભાવના કર....તારી ભાવના જરૂર પૂરી થઈ જશે.–

**એહ પરમપદ-પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,**
**ગજા વગર ને હાલ મનોરથરૂપ જો.**
**તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો**
**પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.....**

જેણે અંતરમાં પોતાના ચિદાનંદ ભગવાનને જોયો છે–જાણ્યો છે–અનુભવ્યો છે, તેની વાણીમાંય તેનું પૂરું કથન આવતું નથી, એ તો અનુભવગોચર અતીન્દ્રિય તત્ત્વ છે; વાણીમાં તો સ્થૂળ–સ્થૂળ વાત આવે છે. સૂક્ષ્મ સ્વભાવ તો અનુભવગોચર છે.–આવા સ્વભાવને સ્વસંવેદનથી અનુભવગોચર કરીને ધર્મી કહે છે કે અમે અમારામાં ધર્મના પાયા નાંખ્યા છે. સ્વભાવને સ્વાનુભવગોચર કર્યો છે, તેની ભાવના કરીએ છીએ; તે ભાવના વડે હવે અલ્પકાળમાં પૂર્ણ પરમાત્મપદને સાક્ષાત્ પામશું–પામશું–પામશું....

❀ ❀ ❀

અહો, કેવળજ્ઞાનાદિ સ્વભાવથી ભરેલું મારું પરમ ચૈતન્યતત્ત્વ, તેને દેખતાં–જાણતાં –અનુભવતાં કોઈ પરમ અદ્ભૂત આનંદનો અનુભવ થયો; તો હવે આ પરમ તત્ત્વથી બીજું શું જાણવા–દેખવાનું બાકી રહ્યું? સર્વને જાણવાના સામર્થ્યવાળો મારો જ્ઞાનસ્વભાવ મેં જાણી લીધો, એકલું પૂરું જ્ઞાન, ને એવા બીજા અનંત સ્વભાવો

જેમાં ભર્યા છે એવો અખંડ આત્મા હું છું–એમ અંતર્મુખ સ્વસંવેદન પરિણતિથી જેણે જાણી લીધું તેણે જાણવાયોગ્ય બધું જાણી લીધું. અહા, આવા તત્ત્વનું જેણે ઉત્સાહથી શ્રવણ કર્યું તેણે શું ન સાંભળ્યું ? ભાઈ, તેં જગતની રાગ–દ્વેષની વાત સાંભળી, પણ તેમાં કાંઈ હિત ન થયું; હવે આ કેવળજ્ઞાન–આનંદસ્વભાવથી ભરેલા આત્માની વાત પ્રેમથી સાંભળીને તેને લક્ષમાં લે, તો આખું જૈનશાસન તેં સાંભળી લીધું. અહા, ચૈતન્યરાજા જેણે અનુભવમાં પ્રાપ્ત કરી લીધો તેનું મન હવે બીજા કયા પદાર્થમાં જશે ? આ ચૈતન્યમહાતત્ત્વ પાસે જગતના બધા પદાર્થો તૂચ્છ છે, ચૈતન્યના મહિમા પાસે ધર્માત્માને જગતના કોઈ પણ ઇન્દ્રાદિવૈભવનો પણ મહિમા આવતો નથી. પરિણતિએ અંતરમાં એકાગ્ર થઈને પોતાના ચૈતન્યપ્રભુ સાથે કેલિ કરી, ત્યાં પરમ આનંદમય અભેદ અનુભૂતિમાં રાગનું કે અપૂર્ણતાનું લક્ષ ન રહ્યું, કેવળજ્ઞાનાદિ પર્યાયનું પણ લક્ષ ન રહ્યું; આખો અભેદ પરમાત્મા શ્રદ્ધા–જ્ઞાન અનુભવમાં આવ્યો, ત્યાં તે આત્માની પર્યાય પોતે જ જૈનધર્મ છે; તેણે સમસ્ત જૈનશાસનને અનુભવી લીધું છે. તે આત્મા પોતે ધર્મનું કલ્પવૃક્ષ થઈને પોતાને સમ્યક્ત્વથી માંડીને સિદ્ધપદ સુધીનાં ફળ આપે છે.

સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ એવો જે આ શાશ્વત કેવળજ્ઞાનની મૂર્તિરૂપ, સકળવિમળ દ્રષ્ટિવંત, શાશ્વત આનંદરૂપ, સહજ પરમ ચૈતન્યશક્તિમય પરમાત્મા છે, તે જયવંત છે.–એમ ધર્મી જીવ પોતાના અંતરમાં ચૈતન્યતત્ત્વને દેખે છે.

આવો પરમાત્મ–હંસ ધર્મીજીવોના હૃદયમાં જયવંત છે..... ‘જયવંત છે’ એટલે કે અમારા શ્રદ્ધા–જ્ઞાનમાં તે સાક્ષાત્ હાજર વર્તે છે. ધર્મી જાણે છે કે આહો ! અનંતચતુષ્ટયરૂપી મોતીના ચારા ચરનારો ચૈતન્યહંસલો અમારા હૃદયસરોવરમાં ( એટલે કે અમારી અનુભૂતિમાં ) બિરાજમાન છે. હંસને કેલી કરવાનું સ્થાન અમારું ચૈતન્ય–સરોવર છે. ચૈતન્યહંસલો રાગના ચારા ન ચરે, રાગના મેલા ખાબોચિયામાં હંસલા ન રહે, એ તો સ્વચ્છ ચૈતન્યમય આનંદસરોવરમાં જ કેલિ કરે. રાગમાં કેલિ કરનારો હું નહિં, હું તો સ્વાનુભૂતિના આનંદમા કેલિ કરનારો છું.–આવી અનુભૂતિ થતાં ધર્મીને મોક્ષના મંગલ ઘંટ વાગ્યા. ( સાડા આઠનો ટકોરો વાગતાં ગુરુદેવે કહ્યુંઃ ) અહા ! વિજય ડંકો વાગ્યો..... ડંકાની ચોટ પુર્ણ તત્ત્વની પ્રતીતના પડકાર કરતો ધર્મી જાણે છે કે –અમે તો અમારા પૂર્ણ આત્માની સેવા કરનારા હંસ છીએ; વિકારરૂપી ઝેરનાં પ્યાલા અમે ન પીએ. અમે તો ચૈતન્યસરોવરના અમૃત પીનાર છીએ....શરીર છતાં અશરીરી ભાવને અનુભવનારા છીએ....આનંદના અમૃત પીનારા છીએ.

હંસલા તો દૂધ અને પાણીમાંથી ચાંચવડે દૂધને ખેંચી લ્યે, તેમ ધર્મી ચૈતન્ય–હંસલો, તે ભેદજ્ઞાનરૂપી અતીન્દ્રિય ચાંચવડે વિકારને જુદો કરીને શુદ્ધચૈતન્યતત્ત્વનો સ્વીકાર કરી લ્યે છે કે અમે તો આવા પૂર્ણાનંદી પરમાત્મતત્ત્વ છીએ. અમારા જ્ઞાનમાં–શ્રદ્ધામાં–અનુભવમાં આવું પરમતત્ત્વ જ જયવંતપણે બિરાજે છે, વિકારભાવો તો ક્ષયવતં છે–જયવંત નથી. અમારી પર્યાય અંતરમાં વળી તેમાં વિકારની હયાતી કેવી? એમાં તો અમારું સહજ ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક ચૈતન્યતત્ત્વ જ વિદ્યમાનપણે જયવંત વર્તે છે.

અહો જીવો! આવા પરમતત્ત્વની આરાધનાનો આ ઉત્તમ અવસર છે.

## * ભગવાનની ભક્તિ *

બરફ તો ઠંડો.... પણ તે જેમાં રાખ્યો હોય તે વાસણ પણ ઠરીને ઠંડું થઈ જાય.... તેમ હે પ્રભુ! આપ તો ચૈતન્યના પરમશાંતરસમાં ઠરી ગયા છો, ને આપ જેમાં રહો તે દેહ પણ જાણે શાંતરસનો પિંડલો હોય –એવો થઈ ગયો છે.–આપનો દેહ પણ જાણે જગતના શાંતરસના પરમાણુંમાંથી બન્યો હોય! અમે ભક્તામરસ્તોત્રમાં કહ્યું છે.

વળી કહે છે કે હે નાથ! હું અલ્પશક્તિવાળો (મતિશ્રુતજ્ઞાનવાળો) નાનો હોવા છતાં આપ જેવા મહાન કેવળજ્ઞાનીની સ્તુતિ કરવા ઉદ્યત થયો છું. –આપની સર્વજ્ઞતા પ્રત્યે મને પરમ પ્રેમ છે. અલ્પજ્ઞ હોવા છતાં સર્વજ્ઞની સ્તુતિ કેમ થઈ શકે? તો કહે છે કે–જેમ મૃગલી પોતાના બચ્ચાંના પરમપ્રેમને લીધે તેની રક્ષા માટે સિંહની પણ સામે થાય છે.... તેમ અલ્પજ્ઞાન હોવા છતાં હે નાથ! સર્વજ્ઞ પરમપદની અત્યંત પ્રીતિને લીધે, રાગનો સંબંધ તોડીને જ્ઞાનસ્વભાવના સ્વસંવેદનના બળથી હું આપની સ્તુતિ કરતો કરતો સર્વજ્ઞપદને સાધું છું. ભલે નાનો, છતાં સર્વજ્ઞપદના ખોળે બેઠો છું, સર્વજ્ઞનો નંદન અને સર્વજ્ઞનો વારસદાર થયો છું–એમ ધર્મી નિઃશંકપણે સર્વજ્ઞપદને સાધે છે.

# 卐 અમે નાનકડા સિદ્ધ 卐

( બાળકોને મહાન સંસ્કાર આપતું નાનકડું નાટકઃ લે. બ્ર. હ. જૈન )

ગુરુદેવના પ્રતાપે, નાનકડા બાળકોને પણ કેવા ઉત્તમ ધર્મસંસ્કાર મળે છે–તે આ નાનકડી નાટિકા દ્વારા દેખાશે. આ નાટિકા શ્રાવણ માસમાં સોનગઢની જૈન પાઠશાળાના બાળકોએ રજુ કરી હતી. આપના ઘરમાં પણ ભાઈ–બેન આ નાટક ભજવી શકે તેવું છે.

( સૂત્રધાર દ્વારા મંગલાચરણ )

णमो लोए सव्व अरिहंताण...
णमो लोए सव्व सिद्धांणं...
णमो लोए सव्व आईरियाणं...
णमो लोए सव्व उवज्झायाणं...
णमो लोए सव्व साहूणं...

**ભાઈ**:- અમે નાનકડા સિદ્ધ....તમે નાનકડા સિદ્ધ

**બેન**:- અમે નાનકડા સિદ્ધ.....તમે નાનકડા સિદ્ધ

**ભાઈ**:-વાહ બેન! આપણે નાનકડા સિદ્ધ–એ વાત સાંભળતાં કેવી મીઠી–મધુરી લાગે છે! પણ એ નાનકડા સિદ્ધ એટલે શું?

**બેન**:- સાંભળ ભાઈ!

**“સર્વ જીવ છે સિદ્ધ સમ,**
**જે સમજે તે થાય.”**

કુંદકુંદસ્વામી પણ કહે છે કે હું સિદ્ધ છું....તું પણ સિદ્ધ છો....એટલે આપણે પણ સ્વભાવથી તો સિદ્ધભગવાન જેવા જ છીએ. પોતાનું આવું સ્વરૂપ સમજીને જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું–તે જીવ મોક્ષના માર્ગમાં આવ્યો. સિદ્ધ થવાની શરૂઆત તેને થઈ ગઈ, તેથી તેને નાનકડા સિદ્ધ કહેવાય છે.

**ભાઈ**:- હા, બેન તારી વાત સાચી એ નાનકડા સિદ્ધને શાસ્ત્રભાષામાં ઈષત્‌સિદ્ધ કહ્યા છે.

**બેન**:- હા, તત્ત્વાર્થસારમાં તેમને ઈષતસિદ્ધ કહ્યા છે. વળી તેમને જિનેશ્વરના લઘુનંદન પણ કહેવાયછે. સાંભળો–

**ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ**
**શીતલ ચિત્ત ભયો જિમ ચંદન**
**કેલિ કરે શિવમારગમેં**
**જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન**

ભાઈ:– વાહ રે વાહ! એ ભગવાનના પુત્રને ધન્ય છે!! જિનસેનસ્વામીએ ગૌતમ–સ્વામીને પણ ભગવાન પુત્ર કહ્યા છે.

**બેન**:- અહા, એ ભગવાનના પુત્રોને ધન્ય છે. ગૌતમસ્વામીની જેમ બધાય સમકિતી જીવો પણ ભગવાનના લઘુનંદન છે.

**ભાઈ**:- ગૌતમસ્વામી મોટા પુત્ર, ને બીજા

સમકિતી નાના પુત્ર, પણ તે બધાય ભગવાનના નંદન છે, તીર્થંકરના પુત્ર છે.

**બેનઃ-** ભાઈ, અત્યારે આપણને અહીં ભગવાન તો નથી દેખાતા, પણ ભગવાનના પુત્ર દેખાય છે..... તીર્થંકરભગવાનના લઘુનંદન આપણને અહીં નજરે દેખાય છે-એ આપણું મહાન ભાગ્ય છે.

**ભાઈઃ-** વાહ બેન! તારી વાત સાચી! પણ તેની સફળતા ત્યારે કહેવાય કે, આપણે તેમની જેમ ભગવાનના પુત્ર થઈએ.

**બેનઃ-** ભગવાનના નંદન કેવી રીતે થવાય?

**ભાઈઃ-** સાંભળ! ગુરુદેવ આપણને રોજ સમજાવે છે કે આત્માને ઓળખો. આત્માને ઓળખીએ એટલે આપણે પણ ભગવાનના પુત્ર કહેવાઈએ. અરિહંતને ઓળખે તે અરિહંતનો પુત્ર કહેવાય!

**બેનઃ-** હા ભાઈ! આપણી આ બાળપોથીમાં પણ હરિભાઈએ આપણને 'વીરનાં સંતાન' કહ્યા છે!

**ભાઈઃ-** ચાલો, આપણે તે ગીત ગાઈએ-

**અમે તો વીર તણાં સંતાન......**
**અમારે ભણવા જૈનસિદ્ધાંત,**
**ભણવું-ગણવું અમને વહાલું**
**ગુરુજી પર છે વહાલ...અમે તો.**
**ભણતાં ભણતાં મોટા થઈશું,**
**કરશું આત્માનું જ્ઞાન;**
**ઉપકાર એ ગુરુજી તણો છે**
**વંદીએ વારંવાર.... અમે તો વીરતણાં.**

ભાઈઃ- અહો, આપણે જૈન, એટલે જિનવરનાં સંતાન કહેવાયા! તો આપણે આત્માને ઓળખવા રોજ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ. અને રોજ ભગવાનનાં દર્શન કરવા જોઈએ.

**બેનઃ-** અને રાત્રે કદી ખાવું ન જોઈએ; તથા સીનેમા જોવી ન જોઈએ, કેમકે તેનાથી ખોટા સંસ્કાર પડે છે.

આપણે તો નાનકડા સિદ્ધ થવું છે તેથી આપણું જીવન ઘણું ઊંચું હોવું જોઈએ.

**ભાઈઃ-** આપણે તો જિનવર ભગવાનના માર્ગે ચાલનારા છીએ. જિનવરદેવનો માર્ગ જગતમાં ઘણો ઊંચો છે.

**અમે તો જિનવરનાં સંતાન......**
**જિનવર પંથે વિચરશું.....**
**અમે તો જિનવરનાં સંતાન....**
**જિનવર પંથે વિચરશું.....**

(ભાઈ-બેન સાથે-)

**અમે તો છૈયે છોટા સિદ્ધ......**
**અમે તો બનશું મોટા સિદ્ધ.....**
**અમે તો છૈયે છોટા સિદ્ધ......**
**અમે તો બનશું મોટા સિદ્ધ......**

અમને નાનકડા બાળકોને મોટા સિદ્ધ બનાવનાર જૈનધર્મનો જય હો!
જિનેશ્વરના લઘુનંદન સર્વે સંતોનો જય હો.

# અહો, અદ્ભૂત ચૈતન્યસુખ !

## * અમારું દિલ હવે ચૈતન્યસુખમાં જ લાગ્યું છે *

પોતાના પરમ આનંદમય આત્મતત્ત્વમાં જેનું ચિત્ત લાગ્યું છે, ચૈતન્યના મહાસુખનો સ્વાદ જે લઈ રહ્યા છે–એવા ધર્માત્મા જાણે છે કે અહો ! અમારું આ તત્ત્વ મહા સુખનિધાન ચૈતન્ય–ચિંતામણિ છે–તેમાં જ અમારું ચિત્ત લાગ્યું છે; આ ચૈતન્યસુખના સ્વાદ પાસે હવે ક્યાંય કોઈ પરભાવમાં અમારું ચિત્ત લાગતું નથી.

પરદ્રવ્યનો આગ્રહ તે તો વિગ્રહનું કારણ છે. ચૈતન્યને ચૂકીને પરદ્રવ્યમાં ચિત્ત જોડતાં તો રાગ–દ્વેષરૂપ થાય છે અને તેનાથી શરીરરૂપી વિગ્રહ ઉત્પન્ન થાય છે, એટલે કે પરદ્રવ્યની ભાવનાથી તો જન્મ–મરણ થાય છે. તેથી તેને અમે છોડી દીધો છે, ને અમારું ચિત્ત અમારા જ્ઞાન–આનંદમય આત્માના અનુભવમાં જોડયું છે. અહા, આ ચૈતન્યના અમૃત પાસે બીજાનો સ્વાદ છૂટી જાય– એમાં શું આશ્ચર્ય છે ! જેમ અમૃતનું ભોજન કરનારા દેવોનું દિલ બીજા તુચ્છ ભોજનમાં લાગતું નથી, તેમ દેવ જેવો સમ્યગ્દ્રષ્ટિજીવ પોતાના અતીન્દ્રિય ચૈતન્યસુખનો સ્વાદ લેનાર છે, તે કહે છે કે અહા ! આવા ચૈતન્ય–ચિંતામણી સુખને છોડીને પરભાવરૂપી ઝેરમાં હવે અમારું ચિત્ત લાગતું નથી;–એમાં શું આશ્ચર્ય છે ? ધર્મીને માટે એ કાંઈ આર્શ્ચયની વાત નથી, ધર્મી તો સહજપણે પરભાવથી ભિન્ન રહેતો થકો ચૈતન્યના સુખને અનુભવે છે. તે ધર્મીની ચેતના પરભાવથી જુદી ને જુદી રહે છે.

અરે, આવા ચૈતન્યના વીતરાગી સુખ પાસે પુણ્યને પણ છોડવું તે કાંઈ મોટી વાત નથી. અહા, આત્માના આનંદ પાસે શુભરાગની પુણ્યની કે બાહ્યવિષયોની શી કિંમત છે ? અમારું ચિત્ત અમારી સ્વાનુભૂતિમાં રમી રહ્યું છે, હવે દુનિયાની કોઈ વસ્તુ અમને રમાડી શકે નહિ,–લલચાવી શકે નહિ. ચૈતન્યસુખનો અત્યંત મધુર સ્વાદ જેણે ચાખ્યો છે એવો ધર્મી જીવ, જ્યારે સ્ત્રી–પુત્ર –માતા–પિતા–ભાઈ–બેન–શરીર–લક્ષ્મી એ બધાયનો મોહ છોડીને અતીન્દ્રિય આનંદને સાધવા જાય છે...... ત્યારે માતા–પિતા વગેરેને કહે છે કે હે માતા ! મારા ચૈતન્યના આનંદ સિવાય આ સંસારમાં ક્યાંય અમારું મન પ્રસન્ન થતું નથી. ક્યાંય અમારું ચિત્ત ચોટતું નથી....દીક્ષા લઈને હવે અમે

અમારા ચૈતન્યના આનંદમાં જ રમવા માંગીએ છીએ......માટે હે માતા! રજા આપો! ત્યારે માતા વગેરે પણ વૈરાગ્યથી કહે છે કે ધન્ય બેટા! તું જે માર્ગે જાય છે....તે માર્ગ પ્રશંસનીય છે, અમારે પણ તે જ માર્ગે આવવાનું છે.

વાહ રે વાહ! જુઓ તો ખરા ધર્મીના અંતરની દશા! અરેરે, આ ચૈતન્યના સહજ સુખને ચાખ્યા પછી આ ઘોર સંસારદુઃખને હવે કોણ ઈચ્છે? સ્વભાવની શાંતિની ઠંડકને અનુભવ્યા પછી પરભાવરૂપ અગ્નિને કોણ ચાહે? અરે જીવો! આત્માના આવા સુખની પ્રતીત કરો..... ઉલ્લાસથી આવા અતીન્દ્રિય ચૈતન્યસુખનો સ્વીકાર કરો. આવા મોક્ષસુખની શ્રદ્ધા કરશે તેનો બેડો પાર થઈ જશે.

આત્માના અનુભવમાં થતું આ ચૈતન્યસુખ અચિંત્ય છે,–જેમાં કોઈ રાગ–દ્વેષરૂપ દ્વંદ્વ નથી, કલેશ નથી, બહારનો કોઈ ઉપદ્રવ નથી; આવું વીતરાગી નિરુપદ્રવ સુખ ઉપમા વગરનું છે. ચૈતન્યસુખને બીજા કોની ઉપમા આપવી?–જે સુખરૂપે આત્મા પોતે થયો તેને બીજો કોણ ઉપદ્રવ કરી શકે? અહા, શરીરમાં વીંછી કરડે કે વાઘ ખાઈ જાય તોપણ ચૈતન્યના જે સુખમાં કાંઈ ઉપદ્રવ ન થાય, બાધા ન આવે, તે સુખની શી વાત? સમ્યગ્દ્રષ્ટિ આઠ વર્ષની બાળા હોય તેને પણ આવા ચૈતન્યસુખના વેદનપૂર્વક તેની ધૂન ચડી જાય છે...તે મોટી થાય, લગ્ન વગેરે થાય, છતાં ચૈતન્યનું ભાન અને ચૈતન્યસુખની ધારા તેને છૂટતી નથી. વાહ બેન! ધન્ય તારી દશા! સિદ્ધ જેવું સુખ તેં તારામાં ચાખી લીધું. આત્માનો સ્વભાવ આવો અનુપમ સુખમય છે, ને તેની અનુભૂતિ થતાં પર્યાય પણ આવા અનુપમ સુખમય થઈ ગઈ છે. આવા સુખ માટે અંતર્મુખ થવાનું બતાવે તે જ સમકિત–ભાષા છે; બહારમાં ક્યાંય સુખ બતાવે કે બહિર્મુખ કોઈ ભાવમાં સુખ કહે તો તે મિથ્યા–ભાષા છે.

શરીરથી ભિન્ન ચૈતન્યના આશ્રયથી તો અશરીરી સિદ્ધપદ થાય છે; ને પરદ્રવ્યના આગ્રહથી તો વિગ્રહ (રાગ–દ્વેષ અને શરીરને વિગ્રહ કહેવાય છે તે) ઉત્પન્ન થાય છે. અમારું ચિત્ત ચૈતન્યમાં લાગ્યું, અમે સુખનું વીતરાગી અમૃત પીધું, તે સુખ પાસે શુભરાગની વૃત્તિઓ પણ દુઃખ અને ઝેરરૂપ લાગે છે, તેમાં અમારી પરિણતિ કદી તન્મય થતી નથી. ચૈતન્યસુખમાં જે પરિણતિ તન્મય થઈ તે પરિણતિ હવે દુઃખમાં કેમ તન્મય થાય? અહો જીવો! સુખના મહા સમુદ્ર એવા આત્માની ભાવના કરો....એના અતીન્દ્રિયસુખનો સ્વાદ સ્વાનુભૂતિમાં લ્યો. અમને મોક્ષસુખનો તમારામાં સાક્ષાત્કાર થશે.

[ ભાદ્ર સુદ ૮: નિયમસાર કળશ ૧૩૦ના પ્રવચનમાંથી ]

# 卐 અમે મુનિઓના મિત્ર છીએ 卐

ચૈતન્યચમત્કારતત્ત્વમાં જેમણે પોતાનું ચિત્ત જોડયું છે–એવા શ્રી મુનિરાજ શ્રોતાને કહે છે કે હે મિત્ર, હે સખા! તું પણ મારા આ ઉપદેશના સારને સાંભળીને, તુરત જ ઉગ્રપણે આ ચૈતન્યચમત્કાર આત્મામાં તારું વલણ કર.

અહા, મુનિઓએ જેને મિત્ર કહીને સંબોધ્યો, તે જીવની શી વાત! મુનિ કહે છે કે હે સખા! મોક્ષમાં તું પણ અમારી સાથે ચાલને! અમે ચમત્કારી ચૈતન્યતત્ત્વમાં અમારું ચિત્ત જોડયું છે, ને તું પણ તારું ચિત્ત ચૈતન્યમાં જોડીને અમારી સાથે મોક્ષમાં આવ.

જુઓ, ચૈતન્યતત્ત્વને સાંળળીને તેમાં ચિત્ત જોડવું–તે જ મુનિરાજના ઉપદેશનો સાર છે, તે જ ભગવાન ઉપદેશનો સાર છે, ને તે જ કરવા જેવું કાર્ય છે.

‘વાહ! મુનિઓએ અમને મિત્ર કહ્યા!’ –ધર્મી પ્રમોદથી કહે છે કે અહો! સંસારની મૈત્રી છોડીને અમે તો મુનિઓના મિત્ર થયા; રાગની રુચિવાળો જીવ તો સંસારનો મિત્ર છે, તે મોક્ષમાર્ગી મુનિઓનો મિત્ર નથી, એટલે કે તે મોક્ષમાર્ગમાં નથી. ચૈતન્યમાં ચિત્ત જોડીને જેણે સમ્યગ્દર્શન કર્યું છે તે જીવ મોક્ષમાર્ગમાં ચાલનારો છે, તેથી તે મોક્ષમાર્ગી મુનિઓનો મિત્ર છે. અહીં મુનિરાજ તેને ‘સખા’ કહીને બોલાવે છે.

અરે જીવ! તારે મુનિઓનો મિત્ર થવું હોય, પંચપરમેષ્ઠીના પંથે આવવું હોય તો તું શીઘ્ર રાગાદિની રુચિ છોડીને, તારા પરમ ચિદાનંદતત્ત્વમાં તારું ચિત્ત જોડ! કેમકે મુનિઓ તો પોતાનું ચિત્ત ચૈતન્યતત્ત્વમાં જ જોડનારા છે,–માટે તું પણ તેમ કર...... શીઘ્ર તારું ચિત્ત ચૈતન્યમાં જોડ.... ને મુનિઓનો મિત્ર થા.....

અરે, અમૃતસ્વરૂપ આત્મા, તેમાં ચિત્તને જોડીને મુનિઓ તો આનંદના અમૃત પીએ છે, બીજા જીવોને પણ સંબોધે છે કે હે ભવ્ય! હે સખા! અમારી જેમ તું પણ અંતર્મુખ થઈને આનંદના અમૃતનું પાન કર! તું પણ અમારી સાથે મોક્ષમાં ચાલ! આવો અપૂર્વ ઉપદેશ સાંભળીને જેણે ચૈતન્યમાં ચિત્ત જોડયું તે મુનિઓનો મિત્ર છે.....તે પણ મુનિઓના પગલેપગલે મોક્ષમાર્ગે જઈ રહ્યો છે.

અહા, આત્માના આનંદસ્વભાવનો આવો સરસ ઉપદેશ અમારી પાસેથી તને સાંભળવા મળ્યો, તો હે ભાઈ! હે સખા! હે મિત્ર! સંસારના ઝેર જેવા વિષયોમાં હવે ચિત્ત કોણ જોડે? એને શીઘ્ર વોસરાવીને, તારા ચિદાનંદસ્વરૂપમાં જ તારું ચિત્ત જોડ! એક ચૈતન્યનું જ અવલંબન કરીને અન્ય સર્વે પરભાવોનું આલંબન છોડ...ને આનંદ–પરિણતિ વડે અમારી સાથે સાથે તું પણ મોક્ષમાં આવ.

[ આ નિયમસાર કળશ ૧૩૩ ઉપરના ભાવભીના પ્રવચન ઉપરથી બનાવેલું કાવ્ય આપ સામે પાને વાંચશો– ]

# 卐 સંતોની સાથે મોક્ષમાં જઈએ છીએ 卐

[ અહો, સન્તો કેવા વહાલથી શિષ્યજનોને પોતાની સાથે મોક્ષમાં લઈ જાય છે! એ વાત નિયમસાર કલશ ૧૩૩ ઉપરના પ્રવચનમાં ગુરુદેવે બતાવી..... તે પ્રવચન આપે વાંચ્યું; હવે એ ભાવભીનાં પ્રચવન ઉપરથી બનાવેલું કાવ્ય વાંચતાં પણ આપને આનંદ થશે. –બ્ર. હ. જૈન )

( સહજ ગુણઆગરો..... એ રાગ )

આચાર્યદેવ કહે છે કે-

હે સખા! ચાલને..... મારી સાથ મોક્ષમાં,
છોડ પરભાવને....ઝૂલ આનંદમાં.....
નિજ સાથ મોક્ષમાં લઈ જવા ભવ્યને,
શ્રી મુનિરાજ સંબોધતા વ્હાલથી..... હે સખા!
સાંભળી બુદ્ધિને વાળીને અંતરે,
મગ્ન થા પ્રેમથી સુખના સાગરે;
નિજ સ્વ-રૂપને એકને ગ્રહ તું,
એ જ આગમ તણા મર્મનો સાર છે..... હે સખા!
સૂજ્ઞ પુરુષ તો સૂણી આ શિખને,
હર્ષથી ઉલ્લસી છોડે પર ભાવને;
પરમાનંદ-ભરપૂર નિજ પદ ગ્રહી,
શુદ્ધ સ્વરૂપમાં વેગથી તે વળે...... હે સખા!
અમે જશું મોક્ષમાં, કેમ તને છોડશું?
આવજે મોક્ષમાં તુંય અમ સાથમાં.....
ભવ્ય! નિજ પદને સાધજે ભાવથી,
શિખ આ સંતની શીઘ્ર તું માનજે...... હે સખા!
તીર્થપતિ મોક્ષમાં જાય છે જે ભવે,
ગણપતિ પણ જરૂર જાય છે તે ભવે;
શિષ્ય એ સંતના રત્નત્રય સાધીને......
સંતની સાથમાં મોક્ષમાં જાય છે...... હે સખા!

# ધર્માત્માની અદ્ભુત મહિમાવંત આત્મદશા

卐

જૈનશાસનમાં ધર્માત્માને ઓળખવાની રીતે કોઈ અનોખી છે... આચાર્યપ્રભુ કહે છે કે હે જીવ! પૂર્વે તને તારો એકત્વસ્વભાવ ઓળખતાં આવડયું નથી, અને આત્માને જાણનારા જ્ઞાનીઓની સેવા કરતાં પણ તને સાચી રીતે આવડયું નથી. સમયસારમાં જ્ઞાનીને ઓળખવાની જે અદ્ભુત રીત આચાર્યદેવે દેખાડી છે –તે રીત ગુરુદેવ આપણને સમજાવે છે....ને જ્ઞાનીની સાચી સેવા કરીને આત્મહિત સાધતાં શીખડાવે છે. તે શ્રાવણ વદ બીજની આસપાસનાં આ પ્રવચનોમાં વાંચીને મુમુક્ષુઓને પ્રસન્નતા થશે. ( સં. )

- ધર્માત્મા અતીન્દ્રિય આનંદના રસિલા છે, સંસારમાં બીજા કોઈ પદાર્થનો રસ એને નથી.
- ચૈતન્યના આવા રસ વડે હે જીવ ! તું તારી શુદ્ધ પરિણતિનો રક્ષક થા.
- અહો, નિર્વિકલ્પ આરાધના..... તેમાં પોતાના પરમ ચૈતન્યભાવનું જ વેદન છે; વિકલ્પનું વેદન તેમાં નથી.
- ધર્મીને પરમઆનંદના નાથ ચૈતન્યપ્રભુનો પોતામાં ભેટો થયો છે; હું પોતે જ આવો ચૈતન્યપ્રભુ છું–એમ તે અનુભવે છે.
- સમ્યગ્દર્શન સદાય પોતાના પરમ ચૈતન્યતત્ત્વમાં સર્વથા અંતર્મુખ વર્તે છે; પરભાવોથી તે વિમુખ છે.
- આરાધકના પરિણામની ધારા ચૈતન્યમાં સદા અંતર્મુખ વર્તે છે, તેની નિર્મળ પર્યાયની સંતતી અતૂટ ધારાવાહી વર્તે છે.
- સર્વજ્ઞપરમાત્માએ જેવો આત્મા દેખ્યો છે તેવો જ આત્મા ધર્મીએ પોતાના અંતરમાં દેખ્યો છે. સર્વજ્ઞના શુદ્ધ આત્મામાં ને મારા શુદ્ધઆત્મામાં કાંઈ ફેર નથી, એમ ધર્મીને સ્વાનુભૂતિપૂર્વક સાચી શ્રદ્ધા છે.

- ભવના અંતને માટે સાધક સંત એમ કહે છે કે તારા પરમાત્મતત્ત્વમાં અંતર્મુખ પરિણતિ કર..... તેમાં ભવ નથી. ધર્મીની પરિણતિ ભવના વનથી બહાર નીકળી ગઈ છે.

- અરેરે, આ ભવ અને શરીરના બોજા ધારણ કરવા તે તો જીવને કલંક છે. તેનાથી જુદો પડીને ધર્મી જીવ ચૈતન્યપરિણતિરૂપે ધારાવાહી પરિણમે છે, તે ભવ–કલંકથી છૂટયો છે, ને મોક્ષમાર્ગમાં શોભે છે.

- અહો, આત્મચીજ અંતરમાં પ્રગટયા વગર જીવને શાંતિ કે ધર્મ ક્યાંથી થાય ?

- આત્મા અનંત આનંદધામ ભગવાન અંદર બિરાજે છે, તેને દેખો; બહારથી શરીરને ન દેખો, રાગને ન દેખો. તે બધાથી પાર ચૈતન્યને અંદર દેખો.

- આવા ચૈતન્ય એકદમ અંતર્મુખ થઈને ઉત્સાહથી તેની આરાધના તમે કરો....ને બીજાને પણ તેની આરાધના કરવાનું કહો....અનુમોદો.–એ જ ખરું જીવન છે.

- અહો, આવા ચૈતન્યની આરાધના....તેનાથી ઊંચુ આ જગતમાં કાંઈ નથી. આવી આરાધના એ જ ભગવંતોની કૃપા અને પ્રસન્નતા છે.

- ધર્મીને અસંખ્ય પ્રદેશમાં આરાધનાની એવી પ્રસન્નતા છે કે બહારમાં ક્યાંય ચેન પડતું નથી. તે અંદરનો ઉદ્યમી છે ને બહારનો આળસી છે.

- ધર્મીને પોતાના અંતરમાં ચૈતન્યની આનંદમય રિદ્ધિ–સિદ્ધિ સદાય વૃદ્ધિગત છે; તે પરમાત્માનો દાસ ને જગતથી ઉદાસ છે.–આવા ધર્માત્મા અંતરના લક્ષવડે સદાય સુખિયા છે.

- અરે જીવ ! તારો ઉત્સાહ ક્યાં કામ કરે છે ! ચૈતન્યમાં તારો ઉત્સાહ કામ કરે છે, કે રાગમાં તારો ઉત્સાહ કામ કર છે ? બહારનો તારો ઉત્સાહ તને ચૈતન્યની અંદર કેમ વળવા દેશે ? પોતાના ચૈતન્યના અચિંત્ય મહિમા પ્રત્યેના ઉલ્લાસમાં ધર્મીને રાગના કોઈ અંશનો ઉત્સાહ નથી; તેનાથી તો તેની ચેતના ઉદાસ છે–એ ધર્મીનું લક્ષણ છે.

- હે ભાઈ, આનંદના વેદનસહિત આત્માનું આરાધન કર, તેમાં જ તારા સ્વકાર્યની સિદ્ધિ છે. એ સિવાયના બીજા બધા કાર્યોને તો ધર્મીજીવ અકાર્ય સમજે છે.

- શાંત–ચૈતન્યરસથી ભરેલ તારી નિર્મળ પર્યાયરૂપી કળશવડે તું તારા આત્માનો અભિષેક કરીને પરભાવરૂપી મેલને ધોઈ નાંખ.

- અહો, પરમાત્માની સેવા તો આવા આત્માની ઓળખાણ વડે થાય છે. રાગવડે તેની સેવા થતી નથી. રાગ તો અપરાધ છે.

- બાપુ! તારા શાંતરસના સમુદ્રમાં ડુબકી મારીને સ્નાન કરને! તેમાં ડુબકી મારતાં તારા બધા રાગાદિ અપરાધ ને કલંક ધોવાઈ જશે. ચૈતન્યમાં કલંક કેવું?

- પંચપરમેષ્ઠી ભગવંતો પરમ શુદ્ધોપયોગવડે ચૈતન્યમાં અંતર્લીન વર્તતા થકા સાક્ષાત્ મોક્ષને આરાધી રહ્યા છે.

  —હું પણ, અંતર્મુખ આરાધનાવડે ચૈતન્યને અનુભવતો થકો પંચપરમેષ્ઠીની પંકિતમાં આવ્યો છું–એમ ધર્મી જાણે છે.

- અરે, દુનિયા દુનિયા પાસે રહી, મારે દુનિયાનું શું કામ છે? મારી વસ્તુ તો મારામાં મારી પાસે છે, ને મારા સ્પષ્ટ અનુભવમાં આવે છે.–પછી દુનિયા બીજું બોલે તેથી કાંઈ મારી વસ્તુ અન્યથા થઈ જવાની નથી.

- રાગ રાગમાં રહ્યો, મારી ચૈતન્યવસ્તુમાં રાગનો કોઈ અંશ નથી. રાગ રાગરૂપે રહ્યો છે, તે ચૈતન્યપણે થતો નથી; ચૈતન્યભાવ ચૈતન્યપણે જ વર્તે છે, તે રાગથી જુદો જ છે, રાગને ચેતના સાથે કદી તન્મયતા નથી. –પ્રજ્ઞા વડે આવું ભેદજ્ઞાન થાય છે.

- લોકો બહાર જિનમંદિરમાં દેવને દેખે છે પણ અંદર તનમંદિરમાં પોતે ચૈતન્યદેવ બિરાજે છે તેને દેખતા નથી. જિનમંદિરમાં જેની સ્થાપના છે એવા જિનદેવ તેમના જેવો જ હું છું–એમ જ્ઞાની તો પોતાના આત્માને દેવપણે દેખીને તેની આરાધના કરે છે.

- અહા, આવો સર્વજ્ઞસ્વભાવી જિન હું પોતે છું એમ જે નથી માનતો, નથી જાણતો, ને નથી અનુભવતો, તે જીવ આત્માને જ ખરેખર માનતો નથી, સર્વજ્ઞ વીતરાગમાર્ગનો સ્વીકાર તેણે કર્યો નથી.

- અહો, સર્વજ્ઞનો પંથ એટલે નિજસ્વરૂપની અનુભૂતિનો પંથ.–એ તો અંતરના મારગડા છે.

- રાગાદિ ભાવો ચૈતન્યની અનુભૂતિથી બહાર છે, અને ચૈતન્યની અનુભૂતિથી ભિન્ન છે માટે પુદ્ગલમય છે. જેટલી ચેતનમય અનુભૂતિ છે તેટલો જ આત્મા છે.

- રાગાદિના જ વેદનમાં જે ઊભો છે તે કાંઈ રાગને પોતાની અનુભૂતિથી ભિન્ન જાણી શકતો નથી.

- રાગાદિને અનુભૂતિથી ભિન્ન ખરેખર તે જ જાણી શકે કે જેણે રાગથી ભિન્ન ચૈતન્યની અનુભૂતિ કરી હોય.–આવી અનુભૂતિ વગર રાગથી ભિન્નપણું જાણી શકાય નહીં.

- અનુભૂતિ તે પર્યાય છે,–સ્વભાવ સાથે અભેદ થયેલી તે પર્યાય રાગાદિથી અત્યંત જુદી છે. ચૈતન્યના અનુભવમાં વળેલી પરિણતિ, તેનાથી બહાર સર્વે રાગાદિ ભાવો છે; માટે અંતરની અનુભૂતિમાં ચૈતન્યને દેખનાર જીવને તે રાગાદિ કોઈ ભાવો પોતામાં દેખાતા નથી.–આવી અનુભૂતિ તે જિનમાર્ગ છે.

- અહો, આવા માર્ગનો એક અંશ પણ જ્યાં અનુભવમાં આવ્યો, ત્યાં અનંત અનંત દુઃખથી ભરેલા ભવના સમુદ્રને જીવ ઓળંગી ગયો, ને મોક્ષના કિનારે આવી ગયો. તે જિનનો નંદન થયો.....

- એ ધર્મી જીવ અનુભૂતિનું કથન કરે ત્યાં જાણે ભગવાન એના અંતરમાં બેસીને બોલતા હોય !–એમ અવિરુધ્ધ અલૌકિક વર્ણન આવે છે.

- અંતર્મુખ થઈને શુદ્ધ આત્માની આરાધના તે ધર્માત્માનો આચાર છે, તે સિવાયનું બીજું બધુંય અનાચાર છે.

- સમ્યગ્દર્શન પોતાના ભગવાન આત્માને અંતરમાં દેખીને તેને જ આરાધે છે, પરભાવના કોઈ અંશને પણ તે આરાધતું નથી.

- અરે, આત્માની અનુભૂતિ, આત્માની આરાધના–એ તે કાંઈ સાધારણ ચીજ છે ! પરથી પરમ ઉપેક્ષા કરીને પરિણતિ ચૈતન્યતત્ત્વમાં એકદમ અંતર્મુખપણે એકાકાર થઈ ત્યારે આત્માની અનુભુતિ થઈ; તે જીવ આરાધક થયો, તેણે પરમઆનંદરૂપી શમજળ વડે પોતાના આત્માનો અભિષેક કર્યો.

- આવા આરાધક જીવને સાથે રાગાદિભાવો હોય, તે કાંઈ આરાધનામાં પ્રવેશતા નથી, તે તો પરમાત્મતત્ત્વથી બહાર છે, તેથી તેને અનાચાર કહ્યા છે. એકકાળે વર્તતા હોવા છતાં તે પરભાવો સાથે ધર્મીની ચેતનાને એકપણું નથી, અત્યંત જુદાપણું છે.

- અહો, આત્માના સ્વભાવની આ વાત ઉત્તમ છે, હિતકર છે. ભાઈ ! એને વિપરીત ન કહો.... કઠણ ન કહો..... આ તો ભગવાને કહેલું પરમ સત્ય અને તારાથી થઈ શકે તેવું છે. ભલે ગૃહસ્થપણામાં હો–છતાં તેનેય અંદર આત્મા છે ને ! પોતાના આત્માની આરાધના તે પણ કરી શકે છે. આવા કઠણ પંચમકાળમાં જન્મીને પણ જેણે આત્માની આરાધના કરી લીધી તે જીવ ખરેખર ધન્ય છે.

- સાક્ષાત્ સીમંધરનાથ પરમાત્માની જેમણે જાત્રા કરી એવા કુંદકુંદાચાર્યદેવ કહે છે કે અહો ! અમારા આત્મામાં આનંદની લીનતારૂપ જેટલી આરાધના વર્તે છે તે જ અમારો પરમાર્થ આચાર છે; એનાથી વિરુધ્ધના બધાય શુભ ભાવો પણ અનાચાર છે.

- આ જાણીને હે જીવ ! તું શુદ્ધ આત્મામાં સ્થિરભાવ કર, પરમાત્મતત્ત્વની ભાવના કરીને સહજ ચૈતન્યવિલાસની પરિણતિ કર, ને સહજવૈરાગ્યભાવનારૂપ પરમ ઉપેક્ષાસંયમને ધારણ કર. આનંદની અનુભૂતિના ઘડા ભરી ભરીને તારા આત્માને સ્નાન કરાવ. બીજી બધી લૌકિક વિકલ્પજાળનું તારે શું કામ છે ?

- પ્રભો, તારા ચૈતન્યની આરાધના સિવાય બીજું બધુંય અનાચાર જાણીને તેને છોડ ! મુનિઓને શુભરાગ વખતે જે વ્યવહાર આચાર કહ્યા, તેને જ વીતરાગી સ્થિરતાઅપેક્ષાએ અનાચાર કહ્યા; પરમાર્થ આચારમાં સ્થિરતાં થતાં તે વ્યવહારઆચાર છૂટી ગયા, એટલે કે અનાચાર છૂટી ગયા ને પરમાર્થઆચારમાં સ્થિરતા થઈ.–આવો જીવ મોક્ષનો આરાધક છે. ( વ્યવહારના કાળે પણ તેને અંદર રાગથી જુદી જેટલી વીતરાગપરિણતિ છે તેટલી આરાધના છે. )

- ચોથા ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિ પણ આવું સ્વરૂપ જાણે છે. ભલે હજી સ્થિરભાવરૂપ આચાર તેને પ્રગટયો નથી, પણ શ્રદ્ધામાં બરાબર આવી ગયું છે કે મારા શુદ્ધ ચૈતન્યમાં સ્થિરતારૂપ આચાર સિવાયના બધા બાહ્યભાવો તે ખરેખર અનાચર છે–છોડવા જેવા છે. જેટલી વીતરાગતા થઈ છે તેટલો જ સમ્યક્આચાર છે.

- અહો, મારો આત્મા પરમઆનંદથી ગાઢ ભરેલો છે–તેમાં વિકલ્પના પ્રવેશનો અવકાશ જ નથી.–આમ અંતરની અનુભૂતિમાં આનંદરસના ફૂવારા ઊછળે છે–તેના વડે હું મારા આત્માનો અભિષેક કરું છું.

- જુઓ, આ ધર્માત્માનો આનંદનો અભિષેક! અમૃતનો મહા સમુદ્ર–તેમાંથી પર્યાયના કળશમાં શાંતરસ ભરી ભરીને આનંદભક્તિપૂર્વક તે સ્નાન કરે છે. વાહ રે વાહ! ધન્ય તારો આત્મા! ને ધન્ય તારો અવતાર!

- પ્રવચનમાં બરાબર ૫૯ મી મિનિટે, ૫૯ મી જયંતી બાબતમાં ગુરુદેવે પ્રમોદથી કહ્યું કે આજે તો બેનનો જન્મદિવસ છે. અહો! બેનનો આત્મા મંગળ છે. તેઓ તો ધર્મનાં રત્ન છે; બહેનોનાં મહાન ભાગ્ય છે કે આવા આત્મા બહેનોમાં પાક્યા!

(આમ પ્રસન્નતાના વાતાવરણ વચ્ચે પ્રવચન પૂર્ણ થયું.)

## વાહ રે વાહ, શાંત ચૈતન્યધામ!

અહો, ઉત્કૃષ્ટ શાંતિનું ધામ, અનંત સુખનું ધામ, એવું મારું આ ચૈતન્યઘર! તે શુદ્ધરત્નત્રયનાં મહાન નિધાન વડે શોભતું છે; તેમાં કોઈ વિપદા નથી, કોઈનો ટેકો નથી. અહા, કુંદકુંદાચાર્યદેવ વગેરે વીતરાગીસંતો નિજસ્વરૂપના આનંદની મસ્તીમાં ઝૂલતાં–ઝૂલતાં કહે છે કે, હે ભવ્ય! મોક્ષને માટે તારા આત્માને તારી અતિ અપૂર્વ વીતરાગ ચૈતન્યપરિણતિમાં જોડ. આવી નિર્વિકલ્પ ચૈતન્યવિલાસરૂપ રત્નત્રયપરિણતિમાં આત્માને જોડીને, એટલે કે આત્માને તે–રૂપ પરિણમાવીને ભગવાન મહાવીર મોક્ષપદને પામ્યા. માટે હે જીવ! તું પણ તારા આત્માને રત્નત્રયપરિણતિમાં જોડ.

અહા, આનંદમય શાંત ચૈતન્યધામ! તેમાં વિકલ્પનો શોરબકોર કેવો? શાંતિના દરિયામાં અશાંતિ કેવી? અહા, શાંતરસમાં લીન તે ભગવંતો સર્વ આત્મપ્રદેશે અત્યંત આનંદરૂપી પરમ સુધારસના પાનથી પરિતૃપ્ત થયા. સમ્યગ્દર્શન થયું ત્યારે પણ આત્મા સર્વપ્રદેશે આનંદમય પરમ સુધારસના પાનથી તૃપ્ત–તૃપ્ત થયો છે..... ને તેના ફળમાં મોક્ષનો મહા આનંદ પ્રાપ્ત થવાનો છે.

# પરમ શુદ્ધાત્મ-પ્રકાશક પંચરત્ન

**નિયમસારમાં ૭૭ થી ૮૧ સુધીની પાંચ ગાથાને પંચરત્નો કહ્યાં છે; કુંદકુંદપ્રભુએ આ પાંચરત્નો દ્વારા પરમ ચૈતન્યતત્ત્વને પ્રકાશિત કર્યું છે. શુદ્ધાત્મસન્મુખ નિર્મળ પરિણતિરૂપે-પરિણમેલો જીવ પોતાને કેવો અનુભવે છે તેનું અદ્‌ભુત ચૈતન્યસ્પર્શી વર્ણન આ ગાથાના પ્રચવનોમાં ગુરુદેવે કર્યું છે. અહા, ધર્માત્માની અનુભૂતિ કેટલી ઊંડી ને કેટલી ગંભીર છે! -એને લક્ષગત કરવા માટે તો અંદર ચૈતન્યના પાતાળમાં પ્રવેશવું જોઈએ. એ અનુભુતિ મુમુક્ષુને પરમ આહ્‌લાદ આપનારી છે.**

શુદ્ધ પરમાત્મતત્ત્વમાં જેની પર્યાય ઢળી ગઈ છે તે ધર્મી જીવ પોતાના આત્માને કેવો અનુભવે છે તેનું આ વર્ણન છે. અંતરમાં જેની પર્યાય ઢળીને અભેદ થઈ છે તે પોતાના આત્માને એવો અનુભવે છે કે હું સત્તા–અવબોધ–પરમચૈતન્ય અને સુખની અનુભૂતિમાં લીન છું, એનાથી બહારના કોઈ ભાવો હું નથી. નારકાદિ કે ક્રોધાદિ કોઈ વિભાવપર્યાયોરૂપે હું થતો નથી. સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપે જ હું મને અનુભવું છું, મારા આવા આત્માને જ હું ધ્યાવું છું–ભાવું છું. ‘ભાવવું’ તેમાં વિકલ્પ નથી, પણ તેની સન્મુખ એકાગ્ર થઈને ભાવવું–પરિણમવું તે ભાવના છે; એટલે તેમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે અભેદ સમાઈ જાય છે.–આવી અભેદ ભાવનાનું નામ પરમાર્થપ્રતિક્રમણ છે; તે જીવ આવા આત્માની ભાવના વડે પરભાવોથી પાછો વળી ગયો, એટલે તેને પરભાવોનું પ્રતિક્રમણ થઈ ગયું. આત્માના સ્વભાવમાં એકાગ્રતારૂપ આવી ભાવના વગર પરભાવોથી સાચું પ્રતિક્રમણ થાય નહીં.

ધર્મી એમ અનુભવે છે કે સહજ પરમ તત્ત્વમાં ઢળેલી મારી ચેતનામાં મોહ–રાગ–દ્વેષાદિ ભાવો નથી, તેથી તેના ફળરૂપ નરકાદિ ચારગતિ પણ મને નથી; મારી પરિણતિ સંસારના કલેશથી છૂટીને આનંદધામમાં ઘૂસી ગઈ છે એટલે આનંદ–

રૂપ થઈ ગઈ છે. આનંદમાં કલેશ કેવો ? તેમાં ચારગતિ કેવી ? ને ચારગતિનાં કારણરૂપ વિભાવો કેવા ? અરે ! જેને આવી પરિણતિ થઈ તે દુનિયા સામે જોવા રોકાતો નથી. દુનિયા તો ગમે તેમ બોલશે..... હું તો મારા ચૈતન્યના આશ્રયે મારી આનંદદશામાં પરિણમી રહ્યો છું. બળીયા એવા મારા આત્માની બાંહ્ય મેં ઝાલી છે, હવે મને શી ચિંતા છે ? આવી ચૈતન્યપરિણતિને કરનારો હું સંસારના કારણરૂપ ક્રોધાદિ કોઈ ભાવોને કરતો નથી, વિભાવનું કર્તૃત્વ મારામાં છે જ નહિ. –આવું સહજ પરિણમન ધર્મીને વર્તે છે. જ્ઞાનરત્ન એને પ્રગટયાં છે; શ્રદ્ધારત્ન–જ્ઞાનરત્ન –આનંદરત્ન એમ અનંત ગુણરત્નો એની પર્યાયમાં ઝળકી રહ્યા છે.–વાહ !

પાંચરત્નો જેવી પાંચગાથાવડે જેણે પોતાના પરમ ચૈતન્યતત્ત્વને લક્ષગત કર્યું છે તે જીવ અંતરની પરિણતિમાં એમ અનુભવે છે કે આ આત્મતત્ત્વમાં સ્વર્ગ–નરકાદિ ચારગતિને યોગ્ય કોઈ શુભાશુભ વિભાવો નથી; ૧૪ માર્ગણાસ્થાનો–ગુણસ્થાનો કે જીવસ્થાનોના ભેદ–વિકલ્પો પણ તે પરમ તત્ત્વના અનુભવમાં નથી. તે બધાથી પાર એકલી ચૈતન્યઅનુભૂતિ વડે અનુભવાતું પરમ તત્ત્વ હું છું. અહો, આવા શાંતરસમય મારું આત્મતત્ત્વ અને તેમાં સન્મુખ થયેલી મારી પરિણતિ –તેમાં ક્યાંય સંસારનો કોલાહલ ક્યાં છે ? સંસારના કલેશમય કોલાહલથી મારું તત્ત્વ અત્યંત દૂર છે આમ ધર્મી પોતાના અંતર્તત્ત્વરૂપ ચૈતન્યતત્ત્વને અનુભવે છે. બધા પરભાવો તેની અનુભૂતિથી બહાર છે.

ધર્મીની પર્યાય અંતર્મુખ થઈને એમ અનુભવે છે કે ગતિ–રાગ વગેરે વિભાવોથી રહિત એક પરમ ચૈતન્યભાવ હું છું. પર્યાયના ભેદના કોઈ પણ વિકલ્પો, તેનો હું કર્તા નથી, તેનું કારણ હું નથી, તેનો કરાવનાર કે અનુમોદનાર પણ હું નથી. એક સહજ પરમસ્વભાવ જ હું છું–એમ શુદ્ધનિશ્ચયનય દેખે છે. શુદ્ધનિશ્ચયનય અને તેનો વિષય અભેદ છે, તેમાં ભેદ રહેતો નથી, વિકલ્પ રહેતો નથી. શુદ્ધનયવડે આવા અભેદ આત્માની અનુભૂતિ કરવી તે જ પરમ શાંતિરૂપ મોક્ષનો માર્ગ છે.

**પ્રશ્ન:**- અત્યારે તો આવો માર્ગ ચાલતો નથી !

**ઉત્તર:**- કોણ કહે છે નથી ચાલતો ? પોતાની પર્યાયમાં જે આત્મા આવો અનુભવ કરે તેને અત્યારે પણ પોતામાં આવો મોક્ષમાર્ગ ચાલી જ રહ્યો છે..... તેની પરિણતિ એ જ મોક્ષમાર્ગ છે; ધર્મીને અંતરમાં આવો માર્ગ ખૂલી ગયો છે. મોક્ષના મહાસુખને ચાખતો–ચાખતો તે મોક્ષના માર્ગે જઈ રહ્યો છે. ધન્ય માર્ગ ! ધન્ય ચાલનાર ! બહારમાં ક્યાંય માર્ગ નથી.

**પ્રશ્ન:-** આવો માર્ગ અમારાથી કેમ થાય ?

**ઉત્તર:-** ભાઈ ! અંતરમાં આવા માર્ગનો અનુભવ કરી કરીને અનંતા જીવો મોક્ષમાં ગયા છે, ને જગતમાં અસંખ્યાતા જીવો અત્યારે પણ આવા માર્ગને સાધી જ રહ્યા છે; એટલે આત્માથી ન થઈ શકે એવો કાંઈ આ માર્ગ નથી, પણ જીવથી થઈ શકે તેવો આ માર્ગ છે. જે જીવ આવા માર્ગમાં આવ્યો તેને પોતાના મોક્ષ માટે નિઃશંકતા થઈ જાય છે, તેને મોક્ષના મહાસુખનો નમુનો અત્યારે જ આત્મામાં આવી જાય છે.

હું ચૈતન્યસ્વભાવથી શોભતા ભગવાનના દરબારમાં પેઠો ત્યાં નારકાદિને યોગ્ય ઉદયભાવો મારામાં કેવા ? મારા ચૈતન્યભગવાનમાં કોઈ ઉદયભાવોનો પ્રવેશ નથી.–આવી અનુભૂતિ ધર્મીને થઈ છે.

જેની પરિણતિ અંતર્સ્વભાવમાં પરિણમી ગઈ છે ને ઉદયભાવથી જુદી પડી છે એવા જીવનની આ વાત છે. તે જીવ એમ અનુભવે છે કે રાગાદિ સમસ્ત પરભાવો મારા ચૈતન્યની અનુભૂતિમાં નથી. વ્યવહારમાં તે ભલે હો, પણ મારી અનુભૂતિથી તો તે બહાર છે. અહા, ચૈતન્યની અનુભૂતિમાં ભવનો ભાવ કેમ હોય ? આનંદના દરિયામાં ડુબકી મારી તેમાં દુઃખ કેમ હોય ?

## 卐 ગુણભક્તિ 卐

પ્રશ્ન:– સાચી ભક્તિ કઈ ?

ઉત્તર:– જેનાથી પોતાના આત્માને ગુણનો લાભ થાય–એ જ સાચી ભક્તિ. જેની ભક્તિ કરવામાં આવે છે તે ગુણીજનના ગુણોને ઓળખીને, તેવા ગુણોનો અંશ પોતામાં પ્રગટ કરવો તે સાચી ભક્તિ છે.

–અને આ સાચી ભક્તિ એવી છે કે એક ગુણીજનની ભક્તિ કરતાં તેમાં અનંતા ગુણીજનોની ભક્તિ એક સાથે થઈ જાય છે. આવી ગુણભક્તિ તે આત્મગુણના લાભનું કારણ છે.

## 卐 ચાર ટૂચકા 卐

જ્ઞાનસ્વરૂપે આત્મા ગા,<br>
સુખ ચાહે તો અંદર જા.

卐

આત્મભાવ તો ગમે ગમે,<br>
નિજાનંદમાં રમે રમે.

卐

જ્ઞાનચેતના જાગી છે,<br>
દુખદશા દૂર ભાગી છે.

卐

અનુભવી હું આતમરામ,<br>
સંસારમાં છે કોનું કામ ?

# સુવર્ણપુરીના વિવિધ સમાચાર

તીર્થધામ સોનગઢ એટલે મંગલ–મહોત્સવનું ધામ!–જયાં ગુરુપ્રતાપે નિત–નિત નવા મહોત્સવ થયા કરે છે. તેમાં શ્રાવણ અને ભાદરવો માસ એટલે તો જાણે જ્ઞાન–ભક્તિનો ધાર્મિક મેળો! એકકોર શિક્ષણવર્ગ, બીજીકોર શ્રાવણબીજનો ઉત્સવ, ત્રીજીકોર મંગલપર્યુષણની આરાધના....એ બધાના સુમેળ ઉપરાંત ગુરુદેવના શ્રીમુખથી સમયસાર–નિયમસાર ઉપર અધ્યાત્મરસની ધોધમાર વૃષ્ટિ.....ને જિનમંદિરમાં પૂજન–ભક્તિનો ઉમંગ....એમ સર્વત્ર ધાર્મિક વાતાવરણ છવાયેલું હોય ને દેશભરમાંથી સાધર્મીઓનાં ટોળેટોળાં તેમાં ઉમંગપૂર્વક ભાગ લઈ રહ્યા હોય–તે બધા દ્રશ્યો નજરે દેખીને મુમુક્ષુનું ચિત્ત પ્રસન્ન થાય છે..... ત્યારે દૂર વસતા મુમુક્ષુઓનું દિલ પણ સોનગઢના સમાચારો જાણવા હંમેશાં આતુર હોય છે.

સોનગઢમાં પૂજ્ય ગુરુદેવ સુખ–શાંતિમાં બિરાજી રહ્યા છે. તેઓશ્રીની તબીયત બરાબર સારી છે. હંમેશાં બંને વખત ચૈતન્યમસ્તીથી ભરપૂર પ્રવચનો, ભક્તિ, રાત્રિચર્ચા, વગેરે બધા કાર્યક્રમો ઉપરાંત તેઓશ્રી બપોરે પણ નિવૃત્તિથી ત્રણેક કલાક એકાંતમાં સ્વાધ્યાય કરે છે. સ્વાધ્યાયની નવીનવી પ્રસાદી ઘણીવાર મુમુક્ષુઓને પણ પીરસે છે. પ્રવચનમાં ચૈતન્યમસ્તી વધુ ને વધુ ખીલતી જાય છે. સવારે નિયમસારમાં નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર અને બપોરે સમયસારમાં કર્તાકર્મ–અધિકાર ઉપર પ્રવચનો ચાલે છે. બપોરના સમયે એકાંતમાં ગુરુદેવ હાલમાં ષટ્ખંડાગમ–સિદ્ધાંતનું અવલોકન કરી રહ્યા છે.

શ્રાવણમાસમાં જૈનદર્શન શિક્ષણવર્ગ ઘણો સરસ ચાલ્યો; પાંચસો જેટલા મુમુક્ષુભાઈઓએ તેમાં ઉત્સાહથી ભાગ લીધો. વહેલી સવારથી રાત સુધી સતતપણે તત્ત્વજ્ઞાનનું ઘોલન ચાલતું. વિશેષમાં આ વખતે શિક્ષણવર્ગમાં યુવાનભાઈઓની સંખ્યા વધુ પ્રમાણમાં હતી. સેંકડો યુવાનો ઉત્સાહ અને લગનીપૂર્વક અધ્યાત્મજ્ઞાનના અભ્યાસમાં દુનિયાનું વાતાવરણ ભૂલીને મગ્ન હતા તે દેખીને આનંદ થતો કે વાહ! ધન્ય છે આજના આ યુવાનોને! 'આજના છોકરા ધર્મમાં રસ નથી લેતા'–એમ કહેનારને શરમાવું પડે એવું એ યુવાનોના ઉત્સાહનું દ્રશ્ય હતું. ગુરુદેવ પણ યુવાનભાઈઓના ધર્મપ્રેમની વારંવાર પ્રશંસા કરતા હતા. ભાઈ! વૃદ્ધ હો કે યુવાન હો, કે બાળક હો, સૌએ આત્માના હિત માટે આવી વીતરાગીવિદ્યાના સંસ્કાર પાડવા જેવું છે. શિક્ષણવર્ગમાં આવેલા તે યુવાનબંધુઓને, તેમ જ ભારતભરમાં ગામેગામે ઉત્સાહથી અધ્યાત્મજ્ઞાનમાં રસ લઈ રહેલા બધા યુવાનબંધુઓને, 'આત્મધર્મ' ના પણ ધન્યવાદ છે.

શિક્ષણવર્ગ દરમિયાન જ શ્રાવણ વદ બીજે પૂ. બેનશ્રી ચંપાબેનના જન્મદિવસનો મંગલઉત્સવ ત્રણદિવસ ઉજવાયો. આ આનંદકારી ઉત્સવના ભાવભીના સમાચારો તેમજ પૂ. બેનશ્રી ચંપાબેન અચિંત્ય આત્મસાધનાના મહિમાથી ભરપૂર ગૌરવપૂર્ણ વિસ્તૃત લેખ તથા તેમનાં ગુણો પ્રત્યે અંજલિરૂપ કાવ્ય વગેરે આ અંકમાં આપવાની સંપાદકની ભાવના હતી; પણ ત્યારપહેલાં બ્ર. ચંદુભાઈ લેખિત લખાણો છપાઈ ગયા હોવાથી, તે બેવડાઈ ન જાય તેથી આ અંકમાં આપી શક્યા નથી. અહા, પૂ. બેનશ્રીના મહિમાને કોણ નથી જાણતું! ગુરુદેવની મંગલછાયામાં આવીને આજે ૨૯ વર્ષથી તેઓશ્રીની અત્યંત નિકટતાપૂર્વક તેમનું ચૈતન્યજીવન દેખી–દેખીને અને ગુરુદેવના શ્રીમુખે તેમની મંગલકથા સાંભળી–સાંભળીને આ બાળકને આત્માર્થ–સાધનમાં જે પ્રરણા અને પુષ્ટિ મળ્યા છે તેનું વર્ણન કરવાની શક્તિ નથી.

તેમાંય, પૂ. શ્રી ચંપાબેનના પવિત્ર જાતિસ્મરણમાં આવેલી ભૂત–ભવિષ્યની મંગલકથા બાબતમાં પૂ. ગુરુદેવ જ્યારેજ્યારે શ્રીમુખથી ભાવપૂર્વક કહે છે કે–“અહો! અમે તો સીમંધરભગવાનની સભામાં બેસનારા હતા....બંને બહેનોના આત્મા ત્યાં (પુરુષ–પર્યાયમાં) અમારા મિત્રો હતા, અને ઠેઠ મોક્ષ સુધી અમે સાથે રહેવાના છીએ.” ત્યારે તો એ સાંભળતાં જાણે એ તીર્થંકર અને ગણધરોની સભાને સાક્ષાત્ નીહાળતા હોઈએ એવો હર્ષોલ્લાસ થાય છે, ને પરમ વિશ્વાસપૂર્વક તે સર્વે મંગલઆત્માઓ પ્રત્યે ભક્તિનો પ્રમોદ જાગે છે. જેમણે જેમણે ગુરુદેવના શ્રીમુખથી આ વાત સાંભળી છે તેઓ પોતાને મહાભાગ્યશાળી સમજે છે....અને પવિત્ર સ્વાનુભૂતિ સહિત આવા જાતિસ્મરણજ્ઞાનવાળા પૂ. ભગવતીબેનશ્રીને દેખીને પોતાને ધન્ય સમજે છે

બીજને દિવસે ગુરુદેવ ઘણા પ્રસન્નચિત્ત હતા. સવારમાં પ્રવચન પહેલાં ગુરુદેવે સ્વહસ્તે સભાજનોને આ મંગલપ્રસંગની ખુશાલીમાં છહઢાળાની એકહજાર ઉપરાંપ પ્રતોની લાણી કરી હતી. પ્રથમ બંને બહેનોને તે પુસ્તિકા ભેટ આપી હતી. અહા, જાણે ગુરુદેવ છઢાળા દ્વારા વીતરાગવિજ્ઞાનની જ લાણી કરી રહ્યા હતા, અને સભાજનો પરમહર્ષથી તે સ્વીકારતા હતા. પ્રવચનસમયના ગુરુદેવના મંગલ ઉદ્ગારો પણ આપ આ અંકમાં છપાયેલ પ્રવચનમાં વાંચશો. પ્રવચન પછી સમસ્ત મુમુક્ષુ ભાઈ–બેનો પૂ. બેનશ્રીને અભિનંદવા ગયા, તે પ્રસંગે પૂ. શાંતાબેને પણ પૂ. બેનશ્રી ચંપાબેન પ્રત્યે ભક્તિપૂર્વક પોતાના ઉપરના અચિંત્ય મહાન લોકોતર ઉપકારને પ્રસિદ્ધ કર્યો હતો. આ ઉત્સવ દરમિયાન ધર્માત્માઓની ચેતનાપરિણતિનો અચિંત્ય મહિમા ગુરુદેવના શ્રીમુખે વારંવાર

સાંભળતાં એમ થતું કે "વાહ! ચંપાબેન તો ખરેખરા ચેતનાબેન છે." અહા! જેમની ચેતના અને જેમની વાણી સ્વાનુભૂતિની પ્રાપ્તિમાં નિમિત્ત થયા છે તે ધર્માત્માઓના ઉપકારની શી વાત! અસંખ્યપ્રદેશે અનુભૂતિમાં વણાઈ ગયેલા પૂ. ગુરુદેવના અને પૂ. બેનશ્રી-બેનના અલૌકિક ઉપકારને માત્ર શાબ્દિક શબ્દાંજલિ વડે વર્ણવી શકાય તેમ નથી. શબ્દાતીત તેમની સ્વાનુભૂતિ જયવંત વર્તો! તે અનુભૂતિ અભિનંદનીય છે, તેને સદા મારા ભાવનમસ્કાર છે. ( હરિ )

એકકોર આવી મહાન પ્રસિદ્ધિનો યોગ, અને બીજીકોર પાંચેક વર્ષ પહેલાં ગુરુદેવ પાસે તેઓશ્રીના હૃદયમાંથી અત્યંત સહજપણે નીકળેલા ઉદ્ગાર કે-"બહારમાં પ્રસિદ્ધિનું શું કામ છે? " બહાર પડવાથી આત્માને શું લાભ છે! -એ આશ્ચર્યકારી વૈરાગ્યઝરતા ઉદ્ગારને ગુરુદેવ પણ ઘણીવાર યાદ કરે છે. ખરેખર, બહારની પ્રસિદ્ધિ ઉપરથી કાંઈ જ્ઞાનીનું માપ નથી. એની ચેતનામાં તો ભગવાન આત્મા પોતે અંદર પ્રસિદ્ધ થયો છે પછી જગતની પ્રસિદ્ધિનું શું કામ છે!

- શિક્ષણવર્ગમાં કન્નડભાઈઓ પણ આવેલા, તેઓ રોજ સાંજે માનસ્તંભના ચોકમાં પ્રભુસન્મુખ કન્નડભાષામાં વિધવિધ ભક્તિ કરતા. ભાષા ભલે જુદી પણ ભગવાન સૌના એક! એટલે ગમે તે ભાષામાં ભગવાનનાં ગુણગાન સાંભળીને મુમુક્ષુનું ચિત્ત પ્રસન્ન થતું. સાધર્મીઓને પરસ્પર પ્રેમમાં ભાષાભેદ તો શું-જગતનો કોઈ ભેદ નડી શકતો નથી, એવો જ ધર્મવાત્સલ્યનો પ્રભાવ છે.

- હજી એ ઉત્સવના હર્ષની ઝણઝણાટી શમે ત્યાં તો પર્યુષણ મહાપર્વ વીતરાગી ક્ષમાધર્મનો પવિત્ર સંદેશ લઈને આવી પહોંચ્યા. વાહ, ધન્ય આપણા વીતરાગધર્મો! ધન્ય એના ઉત્તમ આરાધક મુનિભગવંતો! ગુરુદેવ એ ધર્મોનું વર્ણન કરતાં જ રોજ કહેતા કે મુનિઓના આ બધા ધર્મોની અંશે ઉપાસના શ્રાવકોને પણ હોય છે. અહા! ક્રોધ કે વેર કે દુશ્મન નામની કોઈ વસ્તુ જ જાણે આ જગતમાં ન હોય-એમ શાંત-વીતરાગી-ક્ષમાદિધર્મોની ભાવનામાં ગુરુદેવ રોજ રોજ ઝુલાવતા હતા. વાહ રે વાહ! ચૈતન્યતત્ત્વની ભાવનાનો અચિંત્ય પ્રભાવ! -કે જે અનંતકાળના ક્રોધાદિના સંસ્કારને જડમૂળથી ઉખેડીને આત્માને ક્ષમાનો શાંત વીતરાગીરસ પીવડાવે છે. પ્રવચનમાં પદ્મનંદીપચ્ચીસીમાંથી ગુરુદેવે દશધર્મોનું સ્વરૂપ વાંચ્યું હતું. આ ઉપરાંત વિશાળ જિનમંદિર વીતરાગધર્મોની ભાવભીની પૂજાના અને ભક્તિના મંગલનાદથી ગાજી ઉઠતું. ત્રણ મુમુક્ષુ બહેનોએ ૧૧ દિવસના ઉપવાસ કર્યા હતા, તે ઉપરાંત રત્નત્રયવિધાન, દશલક્ષણવિધાન વગેરે પણ અનેક બહેનો કરે છે.

બે વખત શ્રી જિનેન્દ્રભગવાનની તથા જિનવાણીની ભવ્ય રથયાત્રા નીકળી હતી.–આમ આનંદભર્યા વાતાવરણમાં દશલક્ષણ મહાપર્વ ઉજવાયા હતા.

■ સોનગઢમાં જૈન પાઠશાળા ઘણા ઉમંગપૂર્વક ચાલી રહી છે. પચાસ જેટલા બાળકો ઉત્સાહથી ધાર્મિક અભ્યાસ કરી રહ્યા છે. નાના બાળકો એક સાથે ધાર્મિક ગાથાઓ બોલીને વાતાવરણ ગજવી રહ્યા હોય ને જૈનસિદ્ધાંત ભણી રહ્યા હોય–એવાં દ્રશ્યો દેખીને આનંદ થાય છે. રાત્રે ખાવાનું ને સીનેમા જોવાનું ઘણા બાળકોએ છોડી દીધું છે.

■ શ્રી જૈન પરમાગમ–મંદિરનું બાંધકામ ચાલી જ રહ્યું છે; તેમાં આરસમાં કોતરવાના અક્ષર મશીનને બદલે હવે હાથથી કોતરાવનું નક્કી થયું છે, તે સંબંધી પણ તજવીજ ચાલુ છે.

અહા, સોનગઢમાં ગુરુદેવના પ્રતાપે જીવને જ્યારે જોઈએ ત્યારે અકષાયી–શાંતિ મળી શકે એવું ધર્મવાતાવરણ છે. અહો જીવો! શાંતિના આ મહાન અવસરને ચુકો નહિ...બહારની દુનિયા પાસેથી શાંતિની આશા રાખ્યા વગર, તેમજ તેમને અશાંતિનું પણ કારણ માન્યા વગર, જ્યારે જોઈએ ત્યારે અને જેટલી જોઈએ તેટલી શાંતિ મળી શકે એવું જે સરસ મજાનું મહાન તત્ત્વ ગુરુદેવે આપણને આપણામાં બતાવ્યું છે તેમાં જઈને શાંતરસનું વેદન કરો.

■ સમ્યગ્દર્શનસંબંધી નિબંધયોજના પૂરી થઈ છે. તેમાં ઘણા ઉત્સાહથી ૧૦૦ જેટલા ભાઈ–બેનોએ ભાગ લીધો છે. ઘણા લેખો આવ્યા હોવાથી હજી વાંચવાના બાકી છે; તેથી તેની વિગતવાર માહિતી આવતાં અંકે આત્મધર્મમાં આપીશું. લેખ લખી મોકલનારા સૌએ સમ્યક્ત્વની જે સુંદર ભાવના ભાવી છે તે માટે ધન્યવાદ! આવેલા લેખોમાંથી મોટા ભાગના લેખોનું લખાણ 'આત્મધર્મ'માંથી લેવાયેલું છે; આ લખાણો ઉપરથી જિજ્ઞાસુઓમાં આત્મધર્મ દ્વારા સમ્યક્ત્વના મહિમાના કેટલા ઊંડા સંસ્કારો રેડાયા છે તેનો ખ્યાલ આવે છે. આધુનિક સાહિત્યમાં સમ્યગ્દર્શનનું ઈજારદાર જાણે 'આત્મધર્મ' જ હોય! –એવું ઊંડું તેનું સ્થાન મુમુક્ષુહૃદયોમાં છે, અને તેથી મુમુક્ષુઓને 'આત્મધર્મ' પ્રત્યે ખૂબ જ આદરભાવ છે.

■ કલકત્તા ખૈરાગઢ અને જલગાંવમાં ધાર્મિક પાઠશાળા ઉત્સાહપૂર્વક ચાલી રહ્યાના સમાચાર છે. બાળકો તેમજ પૌઢો પણ હોંશથી ભાગ લે છે.

■ કલકત્તામાં પર્યુષણ દરમિયાન બાળકોએ અકલંક–નિકલંક નાટક ભજવ્યું હતું. તેમાં

બંને ભાઈઓનો ધર્મપ્રેમ, નિકલંકનું બલિદાન, અને અકલંક દ્વારા મહાન ધર્મપ્રભાવના–વગેરે દ્રશ્યો દેખીને દોઢહજાર જેટલા જિજ્ઞાસુઓ અત્યંત પ્રભાવિત થયા હતા. ધાર્મિક ઉત્સાહ માટે બાળકોને ધન્યવાદ! વડીલો પણ બાળકોને સારૂં પ્રોત્સાહન આપી રહ્યા છે. ખૈરાગઢમાં પણ પર્યુષણ આનંદઉલ્લાસથી ઉજવાયા હતા.

- સુદાસણાથી દિ. જૈન જ્ઞાનમંદિરના કેન્દ્રઅધ્યક્ષ ભાઈશ્રી રજનીકાન્ત કે. જૈન F.Y.B.SC. તેમણે ઉત્સાહપૂર્વક પાઠશાળા ચાલુ કરી છે. વિદ્યાર્થીઓ હોંશથી ભણી રહ્યા છે. વિશેષમાં તેઓ લખે છે કે–ધર્મને માટે આ વિષમકાળ હોવા છતાં આપણા જૈનદર્શનના તત્ત્વનો પાતાળકુવો બહુ ઊંડો છે, તેનાં વીતરાગી જળ કદી ખૂટવાનાં નથી. પણ વિદ્યાર્થીઓમાં તેનો પ્રચાર કરીને ધર્મના સંસ્કાર રેડવાની ખૂબ જરૂર છે. તીર્થંકરના મુખથી વાણી ઝરતી હોય તેમ ગુરુદેવના મુખથી ઝરતી વાણીનું સંકલન કરી આપ આત્મધર્મમાં પીરસી રહ્યા છો. આત્મધર્મમાં અને તેનો બાલવિભાગ અત્યંત રસપ્રદ, જિજ્ઞાસાપ્રેરક તેમજ અધ્યાત્મરસમાં તરબોળ કરનારો છે, જે જૈનધર્મના બાળકોને સાચા અર્થમાં જિનવરના સંતાન થવાની પ્રેરણા આપે છે. તેમજ બાળકોને વિપરીત સંસ્કારોથી છોડાવીને સાત્ત્વિક આનંદસહિત મોક્ષમાર્ગની પ્રેરણા આપે છે.

  વિશેષમાં અત્રે પર્યુષણમાં પૂજન–સ્વાધ્યાય ઉપરાંત ધાર્મિકસંવાદો, તત્ત્વચર્ચા, અકલંક–નિકલંક નાટક વિગેરેનું આયોજન કરવામાં આવ્યું છે તેથી જૈનધર્મની સારી પ્રભાવના થઈ છે, ને બાળકોમાં પણ ઘણો જ આનંદ–ઉલ્લાસ છે....ખરેખર, કળિયુગમાં પણ તેમનું ભાવિ ઉજ્વળ છે.

- મધ્યપ્રદેશના ગ્વાલિઅર શહેરમાં મુમુક્ષુમંડળ તરફથી અષ્ટાન્હિકા સિદ્ધચક્ર–વિધાન થયું હતું. જૈનસમાજે ઉત્સાહથી ભાગ લીધો. વિશેષમાં ચંબલખીણના ૪૦૦ જેટલા ભાઈઓ–જેઓ પહેલાં ડાકુ તરીકે પ્રસિદ્ધ હતા ને હવે હૃદયપરિવર્તન કરીને શાંતિમય જીવન ગાળવાની ઈચ્છાથી સરકારને શરણે આવીને ગ્વાલિઅરની સેન્ટ્રલ જેલમાં રહ્યા છે, તેમની સમક્ષ ધાર્મિક સદુપદેશનો કાર્યક્રમ ગોઠવાયો હતો, જેમાં બીજા વક્તાઓ સાથે સોનગઢના ભાઈશ્રી જતીશકુમાર ( સનાવદવાળા ) એ પણ અધ્યાત્મ ઉપદેશ આપ્યો હતો.

- ભાંગીતૂટી ભાષામાં શ્રી હરિસીંગભાઈ દરબાર લખે છે કે હે ગુરુદેવ! અમારા સ્વભાવની આ વાત છે. જીવસન્મુખ થવામાં જે આનંદ મળે છે તેવો આનંદ કોઈ જગ્યાએ મળતો નથી. કોઈ વખત જાણેલ નહીં તેવી વસ્તુ આપે પીરસી છે, તે કોઈકાળે અંદરથી

જશે નહિ અને ભવફેરા થશે નહીં. બાપુ, ભવફેરા કરીકરીને થાકયા છીએ. હવે ગુરુદેવ, આપે જ્ઞાનવિસામો પીરસીને ભવનો થાક ઓગાળી નાંખ્યો છે. પારસમણીને અડતાં લોઢું સોનું થાય–એ તો જડ છે છતાં એમ પલટાઈ જાય છે, તો ગુરુપારસમણીના જ્ઞાન દ્વારા જીવનું અજ્ઞાન નષ્ટ થઈ જાય–એ નક્કી છે.

■ મોરબીથી કોલેજબંધુ પ્રકાશચંદ્ર જે. જૈન ઉત્સાહથી લખે છે કે–હર વખતે આત્મધર્મ જોઈને આનંદિત થાઉં છું, તેમાં કંઈ ને કંઈ નવીનતા હોય છે. ભરતેશની કથા ઘણી સરસ લાગી. (બીજા કેટલાય વાંચકોએ પણ આ કથા સંબંધી પ્રમોદ બતાવ્યો છે.)

■ થાનગઢથી દયાળચંદભાઈ લખે છે કે આત્મધર્મ અંક ૩૪૫ વાંચી ઘણો જ આનંદ થયો. અંક નં. ૩૨૫ થી એકધારા અંકોમાં ઘણુંઘણું નવુંનવું અને સુંદર લખાણ વાંચવા મળે છે. ભરતચક્રવર્તીની ધર્મચર્ચા વાંચી ઘણો જ આનંદ થયો છે.




■ બોટાદના શ્રી ઉજમબેન રાયચંદ ગાંધી (તેઓ ચંપકભાઈ તથા હીરાભાઈના માતુશ્રી) તા. ૨૭–૮–૭૨ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો. દીક્ષા પહેલાં પણ ગુરુદેવ જ્યારે બોટાદ પધારેલા ત્યારે તેમને ત્યાં રહ્યા હતા. ગુરુદેવ તેમને માટે કહેતા કે ‘આ રૂડો જીવ છે’. ગત આસોમાસમાં તેમને મુંબઈમાં પૂ. ગુરુદેવના દર્શનનો તથા વૈરાગ્યવચનનો લાભ મળતાં તેઓ ઘણા ખુશી થયા હતા, ને વૃદ્ધાવસ્થામાં આવો લાભ મળતાં પોતાને ધન્ય માનતા હતા. છેલ્લે પાંચેક મહિના પહેલાં પૂ. શાંતાબેને પણ તેમને મુંબઈમાં ‘જ્ઞાયકવીર’ ની કડી સંભળાવી હતી, તેનું તેઓ કાયમ રટણ કરતા હતા. ભણ્યા ન હોવા છતાં તેમને તત્ત્વનો પ્રેમ સારો હતો.

■ કાનાતળાવના શ્રી સમજુબેન (તે દેવજી વાલાના બહેન) તા. ૭–૯–૭૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. કણબી છતાં તેઓ જૈનધર્મના સંસ્કાર પામીને અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા.

■ ગૌહાટી (આસામ) મુમુક્ષુમંડળના પ્રમુખ, લાડનૂ નિવાસી કેશરીમલજી શેઠી (ઉ. વ. ૮૦) તા. ૨૭–૭–૭૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને ગુરુદેવ પ્રત્યે ભક્તિભાવ અને શાસ્ત્રસ્વાધ્યાયનો ઘણો પ્રેમ હતો.

■ વીંછીયાના ભાઈશ્રી માણેકચંદ કરસનજી (ઉ. વ. ૮૩) તા. ૧૨–૮–૭૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે; તેઓ એક વડીલ કાર્યકર હતા.

■ સોનાસણના ગાંધી અમૃતલાલ જીવરાજ (ઉ. વ. ૬૫) શ્રા. સુદ ચોથે સ્વર્ગવાસ પામ્યા છે.

**–સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ-ગુરુ-ધર્મના શરણે આત્મહિત પામો.**

# * મુમુક્ષુની ગુણદ્રષ્ટિ *

મુમુક્ષુ આત્માના અંતરમાં ગુણીજનો પ્રત્યેની ભક્તિનો મહોત્સવ નિરંતર હંમેશા ચાલુ જ હોય છે. –ક્યાં સુધી ? કે જ્યાં સુધી પોતે તેમના જેવો ગુણી થાય ત્યાં સુધી.

જગતમાં ગુણી જીવો તો અનંત છે. હવે શરીરાશ્રિત નામ વડે તો તે અનંત ગુણીજનોની ભક્તિ કદી થઈ શકે જ નહિ. પણ ગુણને ઓળખીને તેના સ્તવન દ્વારા એક સાથે અનંતા ગુણીજનોની ભક્તિ થઈ શકે છે.

શરીરાશ્રિત નામનો આગ્રહ રાખવામાં ન આવે ને ગુણદ્રષ્ટિથી 'જ્ઞાનચેતના' રૂપે જ્ઞાનીને જોવામાં આવે તો શાસ્ત્રોમાં ઠેર ઠેર પાને પાને તેમનો મહિમા ને ગુણવાન ભર્યા છે. ધર્મીના નામને બદલે તેમના ગુણદ્રષ્ટિથી જોતાં શીખીને આત્માર્થી જીવ તે ગુણનું સ્તવન કરે છે એટલે પોતામાં પણ તેવા ગુણો પ્રગટ કરે છે.–આને કુંદકુંદપ્રભુ સાચી ભક્તિ ને સ્તુતિ કહે છે. અરિહંતાદિનું નામ ભલે ન લીધું હોય, પણ જ્યાં જ્યાં જ્ઞાનચેતના આવે ત્યાં ત્યાં તેને જ્ઞાની જ દેખાય છે એટલે રાગથી ભિન્ન ભાવે પરિણમતો આત્મા તેને દેખાય છે. તે જ જ્ઞાનીની સાચી ઓળખાણ છે. આવી ઓળખાણપૂર્વક મુમુક્ષુને જ્ઞાની પ્રત્યે સાચી ભક્તિ હોય છે.

**એક નાનકડી સૂચનાઃ-** આ નાની સૂચના આપ લક્ષમાં લેશો તો સંસ્થાને પોષ્ટખર્ચમાં વર્ષે લગભગ એક હજાર રૂપિયાની બચત થશે. આત્મધર્મનું લવાજમ દીવાળી પહેલાં ભરાઈ જાય તે જરૂરી છે, કેમકે ત્યારપછી જે નવા ગ્રાહક નોંધાય તેમને પાછળના અંકો મોકલવામાં અંક દીઠ પંદર પૈસા ટીકીટ લગાડવી પડે છે, ને તેમાં સંસ્થાને દરવર્ષે લગભગ એક હજાર રૂપિયાનું વધુ પોસ્ટેજ ખર્ચ થાય છે. જ્યારે બધાની સાથે જ અંક રવાના થઈ જાય તો પોસ્ટના રાહતના દરે (એટલે કે માત્ર બે પૈસામાં કે પાંચ પૈસામાં જ) પોસ્ટ થઈ શકે છે. આપના નજીવા સહકારથી સંસ્થાને આટલો ફાયદો થાય છે. તો દીવાળી પહેલાં આપના ગામના બધા ગ્રાહકોનું લવાજમ ભરાઈ જાય તે ધ્યાનમાં લેશોજી. આત્મધર્મનું લવાજમ ચાર રૂપિયા છે અને "આત્મધર્મ કાર્યાલય સોનગઢ, સૌરાષ્ટ્ર" એ સરનામે મોકલવું.

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ (સોનગઢ) તરફથી સમિતિની બાજુમાં શ્રાવિકાશાળાના કમ્પાઉન્ડમાં ૧૬ × ૧૦ ફૂટના ૧૮ રૂમ બનાવવાનું અગાઉ નક્કી થયું છે. તેનું કામ તુરતમાં શરૂ થનાર છે. તેમાં ઘણા રૂમ નોંધાઈ ગયા છે; બાકીનાં જેમને

લખાવવા ઇચ્છા હોય તેઓ નીચેની શરતે લખાવી શકે છે. –

( ૧ ) દરેક રૂમ દીઠ રૂા. ૨૦૦૧ ) બે હજારને એક ટ્રસ્ટને આપવાના રહેશે.

( ૨ ) રૂમની માલિકી ટ્રસ્ટની રહેશે.

( ૩ ) રૂમ લખાવનારે પોતાને કે તેમના સ્વજનોને સોનગઢ આવવું હોય ત્યારે પંદર દિવસ પૂર્વે સૂચના મળવાથી તેમને માટે રૂમ ખાલી કરી દેવામાં આવશે.

( ૪ ) રૂમ લખાવનાર જ્યારે બહારગામ જાય ત્યારે રૂમ ટ્રસ્ટને સોંપીને જવું; તેમને પોતાનો સામાન રાખવા માટે રૂમની અંદર મેડો બંધાવીને વ્યવસ્થા કરવામાં આવશે.

( ૫ ) આ રૂમમાં રૂમ લખાવનાર આખા વર્ષમાં વધુમાં વધુ ત્રણ માસ સુધી જ રહી શકશે, તેનાથી વધુ વખત રહેવા માટે વ્યવસ્થાપકોની પરવાનગી લેવી પડશે. આ રૂમો કાયમ રહેવા માટે નથી.

**ડીપોઝીટની ઉપરોક્ત રકમ રૂા. ૨૦૦૦/ મળેથી જ નામ રજિસ્ટર કરવામાં આવશે.**

મેનેજર, શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## રાત્રે પણ પ્રકાશ–

નેમનાથ પ્રભુના જમાનાની વાત છે. એક વખત એવું બન્યું કે સૂર્યાસ્ત થતાં આખા સૌરાષ્ટ્રમાં રાત પડી પણ એક ઠેકાણે રાત ન પડી, ત્યાં તો પ્રકાશ જ રહ્યો ! તો એમ કેમ બન્યું ? એ વાત આત્મધર્મ અંક ૩૪૫ માં લખેલી, તેનો ખુલાસોઃ

—ત્યારે સૌરાષ્ટ્રમાં ગીરનારપર ભગવાન નેમનાથ તીર્થંકરનું સમવસરણ હતું. સમવસરણમાં તો રાત્રે પણ પ્રકાશ હોય છે. ત્યાં દિવસ–રાતના ભેદ દેખાતા નથી. અહા ! કેવળજ્ઞાનનો પૂર્ણ ચૈતન્યપ્રકાશ જ્યાં ખીલી ગયો ત્યાં બહારમાં પણ અંધારા રહી શકતા નથી. ત્યાં જીવોનો અજ્ઞાન અંધકાર પણ મટી જાય છે. ધન્ય એ કેવળજ્ઞાનપ્રકાશ !

એક વૃક્ષ છે–સુંદર ફળ પણ આપે છે, છતાં તે વનસ્પતિકાય નથી, તેમજ દેવ–અધિષ્ઠિત પણ નથી, તો એ વૃક્ષ કયું ?

—આમ તો રત્નત્રય એવું સુંદર વૃક્ષ છે કે જે મોક્ષફળ આપે છે–પણ તેનાં ફળ અજ્ઞાની ચાખી શકતા નથી. અહીં જે વૃક્ષ પૂછયું હતું તે “કલ્પવૃક્ષ” છે. કલ્પવૃક્ષ એ પૃથ્વીની તે પ્રકારની રચના છે. જુગલિયામાં કે દેવલોકમાં અજ્ઞાની જીવો પણ શુભભાવના ફળમાં કલ્પવૃક્ષના ફળ પામે છે. જીવે પુણ્યવડે કલ્પવૃક્ષનાં ફળ અનંતવાર ચાખ્યા, પણ રત્નત્રયરૂપી વૃક્ષનું આનંદમય ફળ તેણે કદી ચાખ્યું નથી.

બાલ બંધુઓ ! તમારો પ્રિય બાલવિભાગ આવતા અંકે આપીશું.

# આત્માર્થી જીવો આત્મધર્મ દ્વારા આનંદથી આત્માના અમૃતરસનું પાન કરે છે.

**[ "આત્મધર્મ" વાંચીને હમણાં કેટલાય મુમુક્ષુ સાધર્મીઓએ પોતાની અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરી છે. અહો! ચૈતન્યસુખનું વર્ણન જેમાં ભર્યું હોય-તે વાણી કોને ન ગમે? વીતરાગનાં ઉપશાંત-રસભરેલા અમૃતવચનોનું પાન કરતાં કોને આનંદ ન થાય? થોડાક મુમુક્ષુઓના અંતરની લાગણી આપણે અહીં વ્યક્ત કરીશું. ]**

- સોનગઢ-સંસ્થાના માનનીય ટ્રસ્ટી મુરબ્બીશ્રી મગનભાઈ તલકશી શાહ સુરેન્દ્રનગરથી પ્રમોદભર્યા પત્રમાં સંપાદક ઉપર લખે છે કે-આત્મધર્મ અંક ૩૪૬ વાંચ્યો, વાંચી ઘણો જ પ્રમોદ આવ્યો કે પૂ. ગુરુદેવશ્રીની અમૃતમય વાણીનો લાભ આત્મધર્મ દ્વારા મુમુક્ષુઓને મળે છે, તે લાભ વધારે પ્રમાણમાં મુમુક્ષુઓ લે, તે માટે ભાઈશ્રી નવનીતભાઈ ( પ્રમુખશ્રી ) તથા બીજા ભાઈઓએ શ્રુતજ્ઞાનના પ્રચારની ભાવના દર્શાવી તે વાંચી હું ઘણો જ ખુશી થયો છું. પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનોનો મુમુક્ષુઓ વધારે લાભ લે તેવી આપણી સૌની ભાવના હોવી જોઈએ અને છે, તે માટે સૌને અભિનંદન!

  આત્મધર્મ દ્વારા પૂ. ગુરુદેવશ્રીનાં જે પ્રવચનોનો લાભ જીવોને મળી રહ્યો છે તે જીવોનાં હિત માટે એક પૃષ્ટ નિમિત્ત છે; હું તો પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો વાંચી એટલો આનંદિત થાઉં છું-જે શબ્દોમાં વર્ણવી શકતો નથી, પણ મને અંદરથી કોઈ એવો ઉલ્લાસ આવે છે તે આપને હું શું જણાવું? બેહદતા કેમ જણાવી શકાય? શ્રુતજ્ઞાનના પ્રચાર માટે મને પણ લાગણી થવાથી આત્મધર્મ ખાતે મદદરૂપે રૂા. ૧૦૧ ) આ સાથે મોકલું છું. આત્મધર્મના પ્રચાર માટે અને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશિની તથા મોક્ષમાર્ગ પમાડે તેવી વાણીનો લાભ સૌને મળે તેવી તમારી ભાવના, અને તે માટેનો તમારો પ્રયાસ સ્તુત્ય છે, તે માટે તમને મારા અભિનંદન. લી. મોક્ષમાર્ગના અભિલાષી મગનનાં વંદન.

- **સોનગઢમાં** ત્રીસ-પાંત્રીસ વર્ષથી પૂ. ગુરુદેવની નીકટ રહેનારા એક પ્રૌઢ ભાઈ ગદગદ લાગણીથી કહેતા હતા કે હરિભાઈ! હું તમને શું વાત કરું! હમણાં હમણાં તો આત્મધર્મમાં અનુભૂતિનું વર્ણન વાંચતા મારા અંતરમાં એવો આનંદ થાય છે કે મને હરખનાં આંસુ આવી જાય છે! અને આ વાત કહેતી વખતેય તેમની આંખો હર્ષાશ્રુથી ઊભરાતી હતી.

## ત્રણ ભગવાન

બંધુઓ, નીચેના ત્રણ કોયડા ઉકેલીને તમારે ત્રણ ભગવાનને શોધી કાઢવાના છે. ભગવાનને શોધતાં તમને જરૂર મજા આવશે. જવાબ શોધીને લખી મોકલનારને એક પુસ્તક ભેટ મોકલાશે. (આપ નાના બાળકોને જવાબ શોધવામાં મદદ ભલે કરો, પણ જવાબ તો તેની પાસે જ લખાવશો. અકલંક–નિકલંક (નાટક), ભગવાન પારસનાથ, સમ્યક્ત્વકથા, કે દર્શનકથા,– તેમાંથી કયું પુસ્તક જોઈએ છે તે લખવું.

સરનામું: આત્મધર્મ બાલવિભાગ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

(૧) ચાર અક્ષરના એક ભગવાન છે; નમસ્કારમંત્રમાં આપણે રોજ એમને યાદ કરીએ છીએ; પહેલાં બે અક્ષરમાં શત્રુ રહે છે પણ છેલ્લા બે અક્ષર તેને હણી નાંખે છે; છતાં ભગવાન તો પરમ અહિંસક છે. તે ભગવાન ક્યાં?

(૨) બે અક્ષરના એક ભગવાન, જે કદી ખાતા નથી, જે કદી બોલતા નથી, જે કદી ચાલતા નથી, જેને શરીર પણ નથી; આંખેથી આપણને દેખાતા નથી, છતાં આપણે નમસ્કારમંત્રમાં રોજ તેમને યાદ કરીએ છીએ.

(૩) ચાર અક્ષરના એક ભગવાન; જેઓ ધર્મની વૃદ્ધિ કરનારા છે; એમના છેલ્લા બે અક્ષર એમની પાસે નથી. મુનિદશા વખતે તેઓ પહેલાં ને છેલ્લા અક્ષરમાં રહેતા હતા; છેલ્લો ને પહેલો અક્ષર ભેગા કરીને તેમાં પંદર ઉમેરીએ તો તે ભગવાનનો નંબર મળે.

### —ઓળખી કાઢો એ ત્રણ ભગવાનને.

### 卐 આત્મધર્મ- પ્રચાર તથા બાલવિભાગ ખાતે આવેલ રકમોની યાદી 卐

| | | |
|---|---|---|
| ૧૦૧) | ડો. ચંદુભાઈ ટી. કામદાર | રાજકોટ |
| ૫૦૦) | વિનય કાંતિલાલ શેઠ | મુંબઈ |
| ૫૧) | છોટાલાલ નારણદાસ ઝોબાળિયા | સોનગઢ |
| ૫૧) | બાબુલાલ માણેકચંદ તલાટી | મુંબઈ |
| ૫૧) | નૌતમલાલ જેઠાલાલ શાહ | મુંબઈ |
| ૭૧) | ઉજમબા રાયચંદ ગાંધી | બોટાદ |
| ૨૧) | વિજ્યાબેન હરગોવિંદદાસ મોદી | સોનગઢ |
| ૨૧) | ઋષભકુમાર જિનેન્દ્રકુમાર | દિલ્હી |
| ૫૧) | નેમિચંદ ઝવેરચંદ | ઉદેપુર |
| ૨૫૧) | મોહનલાલ વાઘજીભાઈ | કરાંચીવાળા |
| ૧૦૧) | મગનલાલ તલકશી શાહ | સુરેન્દ્રનગર |
| ૫૧) | શાહ અમરચંદ ન્યાલચંદ | વાંકાનેર |
| ૫૧) | ગુજરાતના મુમુક્ષુભાઈઓ | ગુજરાત |
| ૨૧) | ગાંધી કિરચંદ ત્રિભોવન | વાંકાનેર |
| ૨૧) | પ્રભુલાલ દલપતભાઈ સપાણી | વાંકાનેર |
| ૨૫) | જ્યોતિબેન નિરંજનકુમાર જૈન | સુરત |
| ૫૧) | હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા | સોનગઢ |
| ૫૧) | ચીમનલાલ ઠાકરશી મોદી | મુંબઈ |
| ૨૫) | લીલમબેન મંગળદાસ | માટુંગા |
| ૨૫) | નિર્મળાબેન કાન્તિલાલ | મુલુન્દ |

# શતં જીવ શરદઃ



પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેન

મંગલકારી 'તેજ'દુલારી, પાવન મંગલ મંગલ હૈ,
મંગલ તવ ચરણોંસે મંડિત, અવની આજ સુમંગલ હૈ;
શ્રાવણ દૂજ સુમંગલ ઉત્તમ, વીરપુરી અતિ મંગલ હૈ,
મંગલ જન્મ-મહોત્સવકા યહ, અવસર અનુપમ મંગલ હૈ.

❀ ❀ ❀

બાળવયથી પ્રૌઢતા, વૈરાગી ગુણવંત;
મેરુ સમ પુરુષાર્થથી, દેખ્યો ભવનો અંત.
રિદ્ધિસિદ્ધિ-નિધાન છે, ગંભીર ચિત્ત ઉદાર;
ભવ્યો પર આ કાળમાં, અદ્ભુત તુજ ઉપકાર.

# ધન્ય જિનવાણી !..... ધન્ય વીતરાગ મુનિવરો !

## [ મુનિભગવંતોએ આપણને આપેલો અમૂલ્ય વીતરાગી વારસો ]



ગુરુદેવ હંમેશા બપોરે ત્રણેક કલાક એકાંતમાં શાસ્ત્રસ્વાધ્યાય-મનન કરે છે. હમણાં છેલ્લા માસ દરમિયાન તેઓશ્રીએ 'ષટ્ખંડાગમ' મહાશાસ્ત્રના ૧૬ ભાગોનું વિહંગાવલોકન કર્યું. અહા! એમાં તો દરિયો ભર્યો છે! તેમાંથી મુખ્ય-મુખ્ય મુદ્દાઓનું અવલોકન કરીને પ્રવચનમાં અને ચર્ચામાં પણ અવારનવાર નવાનવા ન્યાયો તેઓશ્રી કહેતા હતા...સાથે સાથે તે પરમાગમનું અને તે રચનારા વીતરાગ મુનિભગવંતોનું પણ ઘણું જ બહુમાન અને મહિમા કરતા હતા. પ્રવચનમાં જ્યાં ધવલનું ને મુનિવરોનું નામ આવે ત્યાં તેનો મહિમા સાંભળવા શ્રોતાઓના કાન ઊંચા થઈ જતા. ગુરુદેવ ઘણા બહુમાનથી કહેતા કે અહા. ષટ્ખંડાગમમાં તો મુનિવરોએ જ્ઞાનના દરિયા ભરી દીધા છે. કેવળજ્ઞાનીની વાણી સાથે એનો સીધો સંબંધ છે. કેવળી ભગવાનની વાણી સાથે સંધિ વિના આવી સૂક્ષ્મ વાત આવી શકે નહિ.-આમ ઘણા પ્રકારે ગુરુદેવ તે ષટ્ખંડાગમ-જિનાગમનો મહિમા કરતા હતા, ને ધરસેન-પુષ્પદંત-ભૂતબલિ તથા વીરસેન મુનિભગવંતોનો પણ અપાર મહિમા કરતા હતા. ધન્ય તે વીતરાગ મુનિભગવંતો ! ધન્ય આ જિનવાણી ! આપણા પરમ ભાગ્ય છે કે આજે આ વીતરાગ જિનવાણી આપણા હાથમાં આવી ગઈ છે.

હે સાધર્મીબંધુઓ ! તમે પરમ આદરપૂર્વક એ જિનવાણીના દર્શન કરજો....... સ્વાધ્યાય કરજો. પચીસ વર્ષ પહેલાં જેના દર્શન દુર્લભ હતા તે અમૂલ્ય વસ્તુ આજે આપણા ઘરે આપણા હાથમાં આવી છે. આપણા પૂર્વજોનો આ અમૂલ્ય વીતરાગી વારસો છે-આપણે તેના હક્કદાર છીએ. ( આ ષટ્ખંડાગમના સારભૂત વિષયોનું દોહન આત્મધર્મમાં આપવાની સંપાદકની ભાવના છે. )

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૩૧૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ ( સૌરાષ્ટ્ર ) : ભાદરવો ( ૩૪૭ )